# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૯ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૨૪

## સમ્યગ્દર્શનરૂપી અપ્રતિહત સુપ્રભાત

હું-આત્મા ચૈતન્યભાનુ છું. જેમ સૂર્યને દીપકની જરૂર પડે નહિ તેમ મારા ચૈતન્યપ્રકાશને પરની અપેક્ષા નથી. મારી જ ચૈતન્યશક્તિ વડે બધું જણાય છે. એ ચૈતન્યશક્તિ પરિપૂર્ણ છે, ને વિકાર રહિત છે.—આવી યથાર્થ શ્રદ્ધા ને ઓળખાણ થતાં અનાદિનો મિથ્યાત્વરૂપ અંધકાર ટળ્યો તે ફરીથી હવે કદી ઊપજે નહિ, અને જે સમ્યક્ત્વરૂપ પ્રકાશ પ્રગટ્યો તે ફરીથી કદી નાશ થાય નહિ. સમ્યગ્દર્શન થયું તે હવે અપ્રતિહતપણે સિદ્ધદશા લીધે જ છૂટકો અત્યારે પણ ક્ષાયક જેવા અપ્રતિહત સમ્યક્ત્વના જ ભણકાર જીવ પ્રગટ કરી શકે છે. આત્મામાં સમ્યગ્દર્શનનો જે ઉત્પાદ થયો તે નાશ રહિત છે. એ સમ્યગ્દર્શનને પણ સુપ્રભાતની ઉપમા છે. કારતક સુદ એકમના દિવસ તો અનંતકાળમાં અનંતવાર ઊગ્યાં ને પાછા અસ્ત થઈ ગયાં, પણ સમ્યગ્દર્શનરૂપી પ્રભાત વગર જીવનું કાંઈ કલ્યાણ થયું નહિ. આ સમ્યગ્દર્શન તો એવું સુપ્રભાત છે કે જે ઊગ્યું તે ઊગ્યું, ઊગ્યા પછી કદી નાશ થાય નહિ. એવા સમ્યગ્દર્શનપૂર્વક જ્ઞાન અને ક્રિયાથી મોક્ષરૂપી સુપ્રભાત પ્રગટે છે.

હું જ્ઞાનસ્વભાવી છું, ચૈતન્યશક્તિથી ભરેલો છું, મારી ચૈતન્યશક્તિ બીજા કોઈ દ્રવ્યમાં નથી. પરથી હું સર્વથા જુદો છું ને મારા બધા ગુણોથી પરિપૂર્ણ હું છું;—એમ યથાર્થપણે ઓળખીને જીવ પોતે પોતાના સ્વભાવ તરફ ઢળ્યો ત્યાં પુણ્ય-પાપ-રૂપ વ્યવહારનો નાશ થવા માંડ્યો. પોતાના અસ્તિસ્વભાવ તરફ વલણ કર્યું, અને પર્યાયમાં વિકાર હોવા છતાં તેના તરફથી વલણને ખેંચી લીધું, એટલે સ્વભાવની અસ્તિના જોરે વિકારની નાસ્તિ થવા માંડી. એવા જીવને જરૂર સર્વે કર્મોનો નાશ થાય છે અને કેવળજ્ઞાનાદિ સ્વચતુષ્ટય સ્વરૂપે આત્મા ઉદય પામે—તે જ સુપ્રભાત છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સંસારીમાં સાંસારિક ગુણો હોય છે અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ (મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા) નિજ પરમગુણો હોય છે–આ પ્રમાણે વ્યવહારનય છે, નિશ્ચયથી તો સિદ્ધ પણ નથી જ અને સંસાર પણ નથી જ. આ બુધ પુરુષોનો નિર્ણય છે. ૬૭. (શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૩૫)

● આત્મા વિભાવ-પરિણતિથી દુઃખી દેખાય છે, પણ તેની શુદ્ધ ચૈતન્યશક્તિનો વિચાર કરો તો તે સાહજિક શાંતિમય જ છે. તે કર્મના સંયોગથી ગતિ-યોનિનો પ્રવાસી કહેવાય છે, પણ તેનું નિશ્ચય સ્વરૂપ જુએ તો કર્મબંધનથી મુક્ત પરમેશ્વર જ છે. તેની જ્ઞાયક શક્તિ ઉપર દૃષ્ટિ મૂકો તો તે લોકાલોકનો જ્ઞાતાદૃષ્ટા છે, જો તેના અસ્તિત્વ ઉપર ધ્યાન આપો તો નિજ ક્ષેત્રાવગાહ પ્રમાણ જ્ઞાનનો પિંડ છે. આવો જીવ જગતનો જ્ઞાતા છે. તેની લીલા વિશાળ છે. તેની કીર્તિ ક્યાં નથી? અનાદિકાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી ચાલશે. ૬૮.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, પદ-૫૦)

● યે સબ દ્રવ્ય અપને પ્રદેશોંકર સહિત હૈ, કિસિકે પ્રદેશ કિસિસે નહીં મિલતે. ઈન છહોં દ્રવ્યોંમેં જીવ હી ઉપાદેય હૈ, યદ્યપિ શુદ્ધ નિશ્ચયસે શક્તિકી અપેક્ષા સભી જીવ ઉપાદેય હૈ, તો ભી વ્યક્તિકી અપેક્ષા પંચપરમેષ્ઠી હી ઉપાદેય હૈ, ઉનમેં ભી અરિહંત સિદ્ધ હી (ઉપાદેય) હૈ, ઉન દોનોંમેં ભી સિદ્ધ હી (ઉપાદેય) હૈ. ઔર નિશ્ચયનયકર મિથ્યાત્વ રાગાદિ વિભાવ પરિણામકે અભાવમેં વિશુદ્ધાત્મા હી ઉપાદેય હૈ. ઐસા જાનના. ૬૯. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.૨, ગાથા-૨૨)

● જે ચેતનતત્ત્વ કર્મકૃત વિકારના સંસર્ગ રહિત છે તે જ હું છું. તેને (ચૈતન્યસ્વરૂપ આત્માને) સંસાર અને જન્મ મરણાદિ કાંઈ પણ નથી. તો પછી ભલા મારે (આત્માને) ચિંતા ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહીં. ૭૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત્, શ્લોક-૩૬)

● (જ્ઞાની શુદ્ધનયનું અવલંબન લઈ એમ અનુભવે છે કે) હું મને અર્થાત્ મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો, નથી ક્ષેત્રથી ખંડતો. નથી કાળથી ખંડતો, નથી ભાવથી ખંડતો. સુવિશુદ્ધિ એક જ્ઞાનમાત્ર ભાવ છું. ૭૧.


(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, પરિશિષ્ટ)

વર્ષ–૧૯
અંક–૨

વિ. સંવત ૨૦૮૧
October A.D. 2024




## મહાવીર ભગવાનની....મુક્તિનો....મંગલ મહોત્સવ



મહાવીર ભગવાન પોતે સિદ્ધ થયા એ તો સર્વોત્કૃષ્ટ મંગળ છે.. અને જે ભવ્ય આત્માઓએ પોતાના આત્મામાં શુદ્ધ સમ્યગ્દર્શનાદિ પ્રકાશ પ્રગટાવીને સિદ્ધદશા સન્મુખ પુનીત પગલાં માંડ્યા છે તેઓ પણ ધન્ય છે...તે પણ અપૂર્વ મંગળ છે



આજે મુક્તિના મહોત્સવનો માંગલિક દિવસ છે. આ ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાન આજે મુક્ત થયા. આજથી ૨૫૫૧ વર્ષ પહેલાં તેઓશ્રી આ ભરતભૂમિમાં તીર્થંકરપણે વિચરતા હતા; તે વખતે તો ઈન્દ્રો અને દેવોના ટોળાં ભગવાનની પૂજા-ભક્તિ કરવા અહીં ઊતરતા હતા. આજે આસો વદ અમાસના પરોઢિયે ભગવાન અભૂતપૂર્વ સિદ્ધદશા પામ્યા; તેનો આજે મહોત્સવ છે. ભગવાન પાવાપુરીમાંથી મોક્ષ પામ્યા; ત્યારે દેવ-દેવેન્દ્ર અને અનેક રાજાઓ વગેરેએ રત્નદીપકો વડે ભગવાનના નિર્વાણ-કલ્યાણકનો મહોત્સવ કર્યો, તેથી તે દિવસ દીપાવલી પર્વ તરીકે પ્રસિદ્ધ છે. આ રીતે દીપાવલી પર્વ લૌકિક તહેવારનો દિવસ નથી પણ ભગવાનની મુક્તદશાનો માંગલિક મહોત્સવ છે.

મોક્ષાર્થી જીવોએ વિચારવું જોઈએ કે ભગવાન કોણ હતા અને તેઓ કઈ રીતે મોક્ષ પામ્યા ? મહાવીર ભગવાન પણ જેવા આ બધા આત્માઓ છે તેવા આત્મા છે; તેઓ પણ

પહેલાં અજ્ઞાનદશામાં ચાર ગતિમાં ભ્રમણ કરતા હતા; પછી કોઈ ધન્ય પળે અપૂર્વ પુરુષાર્થથી આત્મતત્ત્વની ઓળખાણ કરીને ઉન્નતિ ક્રમમાં ચડતાં ચડતાં તેઓ ત્રણ લોકના નાથ તીર્થંકર થયા. આત્મામાં જે કેવળજ્ઞાન અને પરમાનંદ સામર્થ્યરૂપે હતા તે તેમને પર્યાયમાં પરિપૂર્ણ વ્યક્ત થઈ ગયા. ભગવાન જેવું જ સ્વભાવસામર્થ્ય દરેક આત્મામાં ભર્યું છે; તેની ઓળખાણ કરીને તેમાં લીન થતાં પર્યાયમાં તે વ્યક્ત થાય છે. આ રીતે કોઈ પણ આત્મા ભગવાન જેવી દશા પ્રગટ કરી શકે છે.

મહાવીર ભગવાનનો આત્મા અત્યારે સિદ્ધદશામાં બરાબર પાવાપુરી ઉપરના સિદ્ધક્ષેત્રમાં બિરાજે છે, પૂર્ણ અતીન્દ્રિય આનંદ તેમને પ્રગટી ગયો છે. દેહરહિત દશા પ્રગટી ગઈ છે, કોઈપણ અન્ય દ્રવ્યોની અપેક્ષા વગર એકલા આત્મસ્વભાવથી જ તેઓ પરિપૂર્ણ જ્ઞાન અને સુખમય થઈ ગયા છે, અને હવે પછીના અનંત-અનંત કાળ સુધી એવી જ કૃતકૃત્યદશામાં બિરાજમાન રહેશે. અહો ! એ સિદ્ધદશાના મહિમાની શી વાત ? ધન્ય એ દશા...

‘સાદિ અનંત અનંત સમાધિ સુખમાં;<br>
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો,<br>
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?’

જુઓ, આ આત્માના સિદ્ધપદના ગાણાં ! આ સિદ્ધપદનો મહિમા કરવા જેવો છે. કોઈને પુત્ર જન્મે કે લગ્ન થાય તેને જગતમાં મંગળ કહે છે, પણ ખરેખર તો આત્માની મોક્ષદશા પ્રગટે તે જ અપૂર્વ મંગળ છે. મોટા રાજવૈભવ કે બંગલા અને સ્ત્રી કે પુત્ર વગેરે સંયોગો તો પૂર્વે અનંતવાર જીવને મળી ગયા છે, પણ પૂર્વે કદી નહિ પામેલ એવી તો એક મોક્ષદશા જ છે, તેથી જ અભૂતપૂર્વ છે. ભગવાન એવી અભૂતપૂર્વ સિદ્ધદશાને આજે પામ્યા. ભગવાનની જેમ આ આત્મા પણ કઈ રીતે મોક્ષ પામે, મોક્ષનો ઉપાય શું છે—તે સમજવું જોઈએ. ભગવાન મોક્ષ પામ્યા તેનો મહોત્સવ ઊજવે અને પૂજા કરે, પણ મોક્ષનો ઉપાય શું છે તે પોતે ન સમજે તો પોતાને અપૂર્વ કલ્યાણનો લાભ થાય નહિ.

અત્યારે આ ભરતક્ષેત્રમાં મહાવીર ભગવાનનું શાસન ચાલી રહ્યું છે. મહાવીર ભગવાન મોક્ષ પધાર્યા પછી ગૌતમસ્વામી, સુધર્મસ્વામી અને જંબૂસ્વામી એ ત્રણ પેઢી સુધી કેવળજ્ઞાન રહ્યું, અને ત્યાર પછી એકાવતારી થયા. અને હજી પાંચમા આરાના છેડા સુધી એકાવતારી જીવો થવાના છે. જેવું એકાવતારીપણું પંચમ આરાની શરૂઆતના ચૌદપૂર્વધારી મુનિઓને હતું તેવું જ એકાવતારીપણું પંચમ-આરાના છેડાના જીવોને પણ થશે.

અરિહંતદશામાં શ્રી મહાવીર પરમાત્માએ દિવ્યધ્વનિ દ્વારા જે વસ્તુસ્વરૂપ કહ્યું ને ગણધર ભગવંતોએ ઝીલ્યું, તે જ આચાર્ય પરંપરાથી અત્યાર સુધી ચાલ્યું આવે છે. વીતરાગી સંતોએ સર્વજ્ઞ ભગવાની વાણીની પરંપરા ટકાવી રાખી છે ને મોક્ષમાર્ગને વહેતો રાખ્યો છે. અહો ! પંચમઆરાના છેડે પણ આત્મભાન કરીને એકાવતારીપણું પ્રગટ કરનારા જીવો થશે, તો અત્યારે તો જરૂર આત્મભાન કરી શકાય છે. આત્માનું ભાન થતાં અંદરથી ભવના અંતની ખાતરી આવી જાય છે.

નમસ્કાર હો...શ્રી મહાવીર પ્રભુને... અને તેમના મુક્તિપંથે વિચરનારા સંતોને..



પરમ પૂજ્ય શાંતિદાયક સદ્‌ગુરુદેવશ્રીનું

## સુપ્રભાત માંગલિક

### આત્માની જીવન શક્તિ

આત્માના સ્વભાવમાંથી પૂર્ણદશા પ્રગટે તે જ મંગળ-પ્રભાત છે, તે જ બેસતું વર્ષ છે. જેના આત્મામાં સુપ્રભાત પ્રગટ્યું તેને જન્મ અને મરણ ટળીને સિદ્ધદશા પ્રગટે છે. આત્મા શરીરથી કે પૈસા વગેરેથી જીવતો નથી. તેનાથી તો આત્મા જુદો છે. આત્માનું જીવન કેવું હોય ? તે આચાર્યદેવ બતાવે છે.

આત્મામાં જીવન શક્તિ છે. અનાદિ અનંત આત્મા જ્ઞાનદર્શન શક્તિને ધારી રાખે છે, એવી આત્મામાં જીવનશક્તિ છે, ને એ જ શક્તિથી આત્મા સદાય જીવે છે. જેમ આત્મામાં ‘જ્ઞાન’ શક્તિ છે, તેમ એક ‘જીવન’ નામની શક્તિ પણ છે. આત્મામાં જ્ઞાન છે, દર્શન છે, સુખ છે, આનંદ છે, પુરુષાર્થ છે, શાંતિ છે, ને જીવ છે—એ બધા ગુણો તે જ આત્માનું કુટુંબ છે, ને તે સદાય આત્મા ભેગું જ રહે છે. પોતાના અનંતગુણ તે જ પોતાનું કુટુંબ છે, તેની જેને ખબર નથી તે જીવ બહારમાં કુટુંબ, શરીર ને પૈસા વગેરેને સદાય ટકાવી રાખવાની ભાવના કરે છે, પણ તે અજ્ઞાન છે, ને દુઃખનું કારણ છે. મારી જીવનશક્તિથી હું સદાય જીવતો જ છું. જ્ઞાન-આનંદ વગેરે અનંત ગુણોરૂપી મારું કુટુંબ છે. મારા બધા ગુણો સાથે મારું પૂરેપૂરું નિર્મળ-પવિત્ર જીવતર ટકી રહો—એવી ભાવના આત્માર્થી જીવો કરે છે એ જ મહાન મંગળિક છે—એમ શ્રી જ્ઞાની પુરુષો ફરમાવે છે.

શ્રી સમયસારજી શાસ્ત્રમાં (૫૦૩ના પાને) આત્માની ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે. તેમાં સૌથી પહેલાં જ આત્માની જીવત્વ શક્તિનું વર્ણન આચાર્ય-ભગવાને કર્યું છે. જીવત્વ શક્તિ એટલે જીવવાની શક્તિ, જીવનશક્તિ આત્મામાં જીવનશક્તિ છે તેથી તે સદાય જીવતો જ છે; આ શરીરથી કે ઈન્દ્રિયોથી આત્મા જીવતો નથી પણ જ્ઞાન અને દર્શનરૂપ ચૈતન્યપ્રાણથી જ આત્મા જીવે છે. 'આત્મદ્રવ્યને કારણભૂત એવા ચૈતન્યમાત્ર ભાવનું ધારણ જેનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ છે એવી જીવત્વશક્તિ'—આત્મામાં ઊછળે છે. આત્મામાં ચૈતન્યપ્રાણ છે ને તેથી આત્મા સદાય જીવે છે. જો ચૈતન્યશક્તિનો નાશ થાય તો આત્મા મરે, પણ ચૈતન્યશક્તિ તો સદાય-ત્રિકાળ છે, તેથી આત્મા સદાય જીવે છે. એવી ચૈતન્યસ્વરૂપ જીવત્વશક્તિ આત્મામાં સદાય છે.

આત્માનો ચૈતન્યમાત્ર ભાવ છે. અને આ શરીર તો જડ-અચેતન છે. ચૈતન્યસ્વરૂપી આત્મા શરીરના આધારે જીવતો નથી અને શરીરના પ્રાણોને આત્મા ધારતો નથી. તેમજ પુણ્યના આધારે આત્મા જીવતો નથી, ને પુણ્યને આત્મા ધારતો નથી; શુદ્ધજ્ઞાન-દર્શનરૂપ ચૈતન્યપ્રાણને આત્મા ધારણ કરે છે. ને એનાથી જ આત્મા જીવે છે. આત્મામાં 'જીવત્વ' નામની ખાસ શક્તિ છે. ત્રણે કાળે અને ત્રણે લોકમાં આત્મા ચૈતન્યપ્રાણોને ધારણ કરીને જ જીવી રહ્યો છે; શરીરને આત્માએ કદી ધારણ કર્યું જ નથી, અને આત્માના સ્વભાવે કદી વિકારને પણ ધારણ કર્યો નથી. શરીર અને વિકારથી જુદી એવી ચૈતન્યશક્તિને ધારણ કરીને જીવનું ટકી રહેવું તે જ સુપ્રભાત છે. ચૈતન્ય શક્તિરૂપ પોતાનું જીવન છે તેને ઓળખવું અને તેમાં જ ટકી રહેવું, પણ વિકારમાં ન ટકવું તે જ સુપ્રભાત છે. એવા સુપ્રભાતની અહીં ભાવના છે.

## જીવનું કુટુંબ

જીવનું કુટુંબ જીવથી જુદું ન હોય, એ જીવથી કદી જુદું પડે નહિ. જ્ઞાન, આનંદ વગેરે અનંત ગુણો તે જ જીવનું કુટુંબ છે. આત્મામાં જ્ઞાન, સુખ વગેરે અનંત શક્તિઓ છે તે બધી ભેગી જ રહે છે, એક શક્તિ બીજી શક્તિ વગર ન હોય. એ રીતે આત્માનું ગુણોરૂપી કુટુંબ સંકળાયેલું છે. એવું અનંત ગુણોસ્વરૂપી મારું કુટુંબ સદા પવિત્રપણે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રમાં ટકી રહો એમ ધર્મી જીવની ભાવના છે. અનંત ગુણોથી સદાય ભરેલા પરિપૂર્ણ પોતાના આત્મસ્વભાવનું જ્ઞાન અને તેમાં સ્થિરતા તે જ મુક્તિની ક્રિયા છે, એ ક્રિયાથી જ આત્માના અનંત ચતુષ્ટય પ્રગટે છે, અને એ જ આત્માનું સુપ્રભાત છે.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૬, ગાથા - ૩૩)

## કર નિજનો ઉપકાર

આ શ્રી ઈષ્ટોપદેશની ૩૨મી ગાથા ચાલે છે.

અનાદિકાળથી અજ્ઞાની જીવ દેહ અને કર્મ આદિ પરદ્રવ્યો ઉપર ઉપકાર કરતો આવ્યો છે. એટલે શરીર અને કર્મ આદિ ઉપર લક્ષ રાખીને તેની સાવધાનીમાં જ રોકાયો છે અને પોતાની સાવધાની છોડી દીધી છે. તેને પૂજ્યપાદ સ્વામી કહે છે કે તું પરનો ઉપકાર છોડી તારા પોતાના ઉપર ઉપકાર કર !

કર્મને જીવ બાંધે છે તેમાં કર્મનો ઉપકાર થાય છે અને કર્મને છોડે છે તેમાં આત્માનો ઉપકાર થાય છે. સજ્જન માણસ જ્યાં સુધી પરને પોતાનું માનતો હતો ત્યાં સુધી તો એકત્વપૂર્વક પરની સેવા કરતો હતો પણ જ્યાં જાણ્યું કે આ પર છે, ત્યાં તે એકત્વપૂર્વક પરની સેવા ન કરતાં પોતાની સેવા કરવા લાગે છે. તેમ હે જીવ ! તું પણ પરની સાવધાની છોડી તારા સ્વભાવની સાવધાની કર ! અહીં જીવ પરનો ઉપકાર કરી શકે એ વાત નથી લેવી પણ તેના ભાવમાં એમ છે કે હું શરીર, કુટુંબ, ગામ, દેશ આદિને ઉપકાર કરું એ ભાવમાં તેને પરના ઉપકારની ભાવના છે એમ વાત લેવી છે.

અજ્ઞાની જીવ અવિદ્યા-અજ્ઞાન અને મોહના વશે પરના ઉપકારમાં લાગ્યો છે તેને ગુરુ કહે છે અરે મૂઢ ! તું એકવાર સામે જો ને ! તારા ઉપર ઉપકાર કરને !

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે કહ્યું કે પરનો ઉપકાર ન કરવો અને પોતાનો ઉપકાર કરવો તો પોતાને અને પરને ક્યાં ઉપાયથી જુદા જાણવા ? અને એ જુદાં જાણવાથી શું ફળની પ્રાપ્તિ થાય ? શિષ્યના આ પ્રશ્નનો ઉત્તર ગુરુ ૩૩મી ગાથામાં આપે છે.

गुरूपदेशादभ्यासात्संवित्तेः स्वपरान्तरं ।
जानाति यः स जानाति मोक्षसौख्यं निरन्तरम् ।।३३।।

ગુરુ-ઉપદેશ, અભ્યાસ ને, સંવેદનથી જેહ
જાણે નિજ-પર ભેદને, વેદે શિવ-સુખ તેહ. ૩૩

यत्स्वर्गावतरोत्सवे यदभवज्जन्माभिषेकोत्सवे
यद्दीक्षाग्रहणोत्सवे यदखिलज्ञानप्रकाशोत्सवे, — सुप्रभातस्तोत्र

ગુરુના ઉપદેશથી જે અભ્યાસ કરતો થકો પોતાના જ્ઞાનથી પોતાના અને પરના ભેદને જાણે છે તે મોક્ષસુખનો અનુભવ કરે છે.

એક વાત તો એ લીધી કે ગુરુના ઉપદેશથી અને બીજી વાત એ કે અભ્યાસ કરનારો જિજ્ઞાસુ જીવ સ્વ-પરનો ભેદ પાડી શકે છે. ગુરુનો ઉપદેશ કહેતાં અજ્ઞાનીના ઉપદેશનો અને પોતાની મેળે કરેલા અભ્યાસનો નિષેધ આવી ગયો. સાચા ધર્માત્મા જ્ઞાનીના ઉપદેશથી અભ્યાસ કરતાં પોતાના જ્ઞાનમાં સ્વ-સંવેદન થાય છે તેનાથી આ આત્મા આનંદસ્વરૂપ છે તે હું છું અને પુણ્ય-પાપ, કર્મ, શરીરાદિ પર છે એમ સ્વ-પરનું ભેદજ્ઞાન થાય છે.

આ તો બધી માખણની વાતો છે, એકલું તરતું સત્ય છે. ગુરુનો ઉપદેશ એવો હતો તું અનંત આનંદ, જ્ઞાન અને સુખનું ધામ છો અને પુણ્ય-પાપના વિકલ્પ છે તે આસ્રવ તત્ત્વ છે અને કર્મ, શરીરાદિ તે અજીવ તત્ત્વ છે, આવો ઉપદેશ તે યથાર્થ ઉપદેશ છે. સંસારની કેળવણીનો અભ્યાસ કરે છે તે તો બધો પાપનો અભ્યાસ છે.

શ્રોતા : પછી સંસારની કેળવણીનો અભ્યાસ અમારે ન કરવો ?

પૂજ્યશ્રી : ભાઈ ! અહીં કરવા ન કરવાની વાત નથી. એ તો તને મોહ છે એટલે તું એ અભ્યાસ કર્યા વગર રહેવાનો નથી. અહીં તો તેનું સ્વરૂપ શું છે એ બતાવાય છે કે અભ્યાસ તો તને સ્વ-પરની જુદાઈનો નહિ પણ એકપણાનો અભ્યાસ કરાવશે. તું આમ કરીશ તો બીજાનું હિત થશે, આમ કરીશ તો તારું હિત થશે એવી ઊંધી કેળવણી તને મળશે.

અહીં તો કહે છે કે ગુરુના ઉપદેશના અભ્યાસથી તું તારું સ્વ-સંવેદનજ્ઞાન પ્રગટ કર. તેનાથી તને સ્વ-પરનું ભેદજ્ઞાન થશે. આવું ભેદજ્ઞાન જે કરે છે તેને ભેદજ્ઞાનના ફળમાં મોક્ષનું સુખ મળે છે સંસારની કેળવણીના ફળમાં દુઃખ મળે છે ત્યારે અહીં તો મોક્ષનું સુખ મળે છે. મોક્ષ એટલે આત્મા જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે રહે તેનું નામ મોક્ષ છે.

ધર્માચાર્ય તેને કહેવાય કે જેને સ્વ-પરની જુદાઈનું ભાન છે અને સ્વ-પરની જુદાઈનો ઉપદેશ આપે છે તે ધર્માચાર્ય છે. તેના ઉપદેશ ઝીલીને જે પોતે સ્વ-પરની જુદાઈનો અભ્યાસ કરીને સ્વસંવેદનથી સ્વ-પરની જુદાઈ કરે છે તે તેના ફળમાં અવિનાશી મોક્ષસુખનો અનુભવ કરે છે.

**યન્નિર્વાણગમોત્સવે જિનપતેઃ પૂજાદ્ભુતં તદ્રવૈઃ**
**સંગીતસ્તુતિમંગલૈઃ પ્રસરતાં મે સુપ્રભાતોત્સવ. ૧**

ગુરુ તો ઉપદેશ આપે પણ પોતે ન સમજે તો નિષ્ફળ છે પણ અહીં તો કહ્યું કે ગુરુના ઉપદેશના નિમિત્તે પોતે સમજીને એટલે પોતે પોતાનો ગુરુ થઈને સ્વ-પરની જુદાઈ કરે છે ત્યારે જ ગુરુના ઉપદેશથી ભેદજ્ઞાન થયું એમ કહેવાય છે.

ભાઈ ! સ્વ અને પર બે ભિન્ન તત્ત્વો છે છતાં તું અનાદિથી તેની એકતાનો અભ્યાસ કરતો આવ્યો છો. હવે તું જ તારો ગુરુ બનીને સ્વ-પરની ભિન્નતાનો અભ્યાસ કર તો તારો ઉપકાર થાય.

ગુરુનો ઉપદેશ કેવો છે ?—કે સુદૃઢ સ્વ-પરનું વિવેકજ્ઞાન પ્રગટ થાય એવા ગુરુના વાક્યો છે અને એ સાંભળીને મોક્ષાર્થી જીવ એવી દૃઢતા કરે છે કે "આત્મા ચૈતન્ય જ્ઞાયક છે તે સ્વ છે અને રાગાદિ તે પર છે." આવા વારંવારના અભ્યાસથી સ્વસંવેદન પ્રગટ કરીને મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

સીધી જ વાત છે કે જ્યાં સ્વ-પરની એકતાનું જ્ઞાન છે ત્યાં દુઃખ છે અને સ્વ-પરની ભિન્નતાનું જ્ઞાન છે ત્યાં સુખ છે. જ્યાં એવો બોધ મળે કે પરલક્ષી જ્ઞાનથી સુખ છે અને પોતાને પણ એમ લાગે કે પરલક્ષ કરવાથી મને સુખ છે તે અજ્ઞાન છે અને ત્યાં દુઃખ જ છે.

શ્રોતા :-અજ્ઞાન પાછળ કર્મનું જોર છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :-કર્મનું જોર કે'દી હતું ? પોતાના ઊંધા ભાવનું જોર છે. સ્વ અને પર જે જુદા છે તેની એકતા માનનારની ઊંધી માન્યતાના જોરને લીધે અજ્ઞાન છે. કર્મ મને દુઃખી કરે છે એ માન્યતા જૂઠી છે. કર્મ અને આત્મા તો ભિન્ન તત્ત્વ છે. તે કર્મ આત્માને દુઃખી કેમ કરી શકે ? આત્મા પોતે જ પોતાના અજ્ઞાનથી દુઃખી છે.

આવા અજ્ઞાનીને ગુરુનો ઉપદેશ મળે અને પોતે પણ સ્વ અને પરની ભિન્નતાનો અંતર્જલ્પ ઉઠાવીને પોતાનો ગુરુ પોતે બને એટલે કે સુદૃઢ વિવેકજ્ઞાન પ્રગટ કરનારા ગુરુના વાક્યો અને પોતાના વિચાર અનુસાર અભ્યાસ કરે કે "સ્વ-પર તદ્દન ભિન્ન તત્ત્વ છે. હું પરનું હિત ન કરું, પર મારું હિત ન કરે. જે મારાથી પરદ્રવ્ય છે તે મારું હિત ત્રણ કાળમાં કદી ન કરી શકે. મારા હિતનો કર્તા હું જ છું એવો પોતે અભ્યાસ કરે. ગુરુનો ઉપદેશ પણ એ જ હોય કે પરમાં ક્યાંય સુખ નથી. તારું સુખ તારામાં છે." આવા સુદૃઢ વિવેક પેદા કરાવનારા ગુરુ વાક્યો દ્વારા પોતે અભ્યાસ કરવો જોઈએ. ગુરુ કહે કાંઈક અને પોતે વિચારે બીજું કાંઈક તો એ ગુરુનો ઉપદેશ ઝીલ્યો ન કહેવાય. (ક્રમશઃ) ❋

શ્રીમન્નતામરકિરીટમણિપ્રભાભિઃ આલીઢપાદયુગ દુર્ધરકર્મદૂર,
શ્રીનાભિનંદન જિનાજિત શંભવાખ્ય ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૨



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**'કેવળજ્ઞાનનો કટકો' આત્મજ્ઞાનનો અચિંત્ય મહિમા**

જુઓ, ભાઈ, આ વાત સૂક્ષ્મ અને ગંભીર તો છે, પરંતુ પોતાના પરમ હિતની વાત છે એટલે બરાબર ધ્યાન રાખીને ખાસ સમજવા જેવી છે. ધ્યાન રાખીને અંતરથી સમજવા ધારે તો જરૂર સમજાય તેમ છે. આ કાંઈ દૂર દૂરની કોઈની વાત નથી પણ પોતાના આત્મામાં જે સ્વભાવ વર્તી રહ્યો છે તેની જ આ વાત છે, એટલે 'આ વાત મારા આત્માની જ છે.' એમ અંતરમાં ડોકિયું કરીને સમજે તો તરત જ સમજાય અને સમજતાં અપૂર્વ આનંદ થાય, એવી આ વાત છે.

પ્રશ્ન :—છદ્મસ્થજીવ કેવળજ્ઞાનનું સ્વરૂપ ક્યાંથી સમજી શકે?

ઉત્તર :—છદ્મસ્થ જ્ઞાની પણ કેવળજ્ઞાનનું સ્વરૂપ બરાબર નક્કી કરી શકે છે. એણે જ્ઞાનને સ્વસન્મુખ કરીને સર્વજ્ઞતાના અખંડ સામર્થ્યથી ભરપૂર એવા પોતાના જ્ઞાનસ્વભાવનો જે નિર્ણય કર્યો છે તેમાં કેવળજ્ઞાનનું સ્વરૂપ પણ સ્પષ્ટ ભાસી ગયું છે. જો કેવળજ્ઞાનને જ ન સમજે તો મોક્ષતત્ત્વને પણ ન સમજે, મોક્ષતત્ત્વને જે ન સમજે તે મોક્ષમાર્ગને પણ ન સમજે, ને મોક્ષમાર્ગને જે ન સમજે તેને ધર્મ ક્યાંથી થાય? જેમ કોઈ સજ્જન પાસે એક રૂપિઓ સાચો હોય, ભલે અબજ રૂપીઆ તેની પાસે ન હોય, તેથી શું અબજ રૂપીઆને તે જાણી ન શકે? જેવો મારી પાસે આ રૂપીયો છે તેવી જ જાતના અબજ રૂપીઆ હોય, એમ તે બરાબર જાણી શકે છે, તેમ સમકિતી મતિ–શ્રુતજ્ઞાની સંત પાસે કેવળજ્ઞાન ભલે પ્રગટ ન હોય, પરંતુ શુદ્ધાત્માની શ્રદ્ધાના બળે જ્ઞાનસ્વભાવનો પણ નિર્ણય કરીને, કેવળજ્ઞાન કેવું હોય–એ તેણે બરાબર જાણી લીધું છે, ને એ કેવળજ્ઞાનની જાતનું જ મારું આ સમ્યગ્જ્ઞાન છે–એમ તે નિઃશંક જાણે છે. હજાર પાંખડીવાળા કમળની જે કળી પહેલાં થોડી ખીલી તે જ વધીને પૂરી ખીલે છે, તેમ અનંત પાંખડીવાળું જે ચૈતન્યકમળ તેમાં સમ્યગ્દર્શન થતાં જે મતિશ્રુતરૂપ થોડી જ્ઞાનકલા ખીલી તે જ કળા સ્વરૂપમાં એકાગ્રતાવડે વધતાં વધતાં કેવળજ્ઞાનરૂપ પૂર્ણકલા ખીલી જશે. આ રીતે સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ મતિ-શ્રુત ને કેવળની જાતિ એક જ છે.

છત્રત્રયં પ્રચલચામરવીજ્યમાન દેવાભિનંદન મુને સુમતે જિનેન્દ્ર,
પદ્મપ્રભારુણમણિદ્યુતિભાસુરાંગ ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૩

આ ચિઠ્ઠિમાં જ આગળ જતાં અષ્ટસહસ્રીનો આધાર આપીને કહ્યું છે કે કેવળજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાન પણ સર્વ તત્ત્વને પ્રકાશનાર છે, માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો જ તેમાં ભેદ છે પરંતુ વસ્તુસ્વરૂપે તેઓ એકબીજાથી અન્ય નથી.

સમ્યગ્દષ્ટિને શુદ્ધાત્માની પ્રતીતરૂપ સમ્યક્શ્રદ્ધા થઈ છે, સ્વ–પરના યથાર્થ ભેદજ્ઞાન વડે સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાનરૂપ કેવળજ્ઞાનનો અંશ પ્રગટ્યો છે, હવે એની સાથે તે સમકિતીના પરિણામ કેવા હોય તે બતાવે છે.

**બહારમાં ઉપયોગ વખતે પણ ધર્મીને સમ્યક્ત્વધારા ચાલુ છે, તે વખતેય ઉપયોગ ને રાગ ભિન્ન છે.**

''વળી એ સમ્યગ્દષ્ટિના પરિણામમાં (એ જ્ઞાન) સવિકલ્પ તથા નિર્વિકલ્પરૂપ થઈ બે પ્રકારે પ્રવર્તે છે. ત્યાં જે વિષય–કષાયાદિરૂપ વા પૂજા–દાન–શાસ્રાભ્યાસાદિરૂપ પ્રવર્તે છે તે સવિકલ્પરૂપ જાણવું.'' (પૃષ્ઠ-૩૪૪)

સૌથી પહેલાં જ્યારે આત્માનુભવ સહિત સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે તો નિર્વિકલ્પદશા જ હોય છે, જ્ઞાનનો ઉપયોગ અંતરમાં થંભી ગયો હોય છે. પણ એવી નિર્વિકલ્પદશા લાંબોકાળ ટકતી નથી, એટલે સવિકલ્પદશા આવે છે. આ રીતે સમ્યગ્દષ્ટિના પરિણામ નિર્વિકલ્પ અને સવિકલ્પ એમ બંને દશારૂપ થઈને પ્રવર્તે છે. ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ ન થાય–એવું નથી; તેમજ સમ્યગ્દર્શન થયા પછી વિકલ્પ અને રાગ ન જ હોય –એમ પણ નથી. સમ્યગ્દષ્ટિ–ગૃહસ્થને પણ કોઈ કોઈ વાર નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. તેમજ ચોથા–પાંચમા ગુણસ્થાને તેને ભૂમિકાઅનુસાર વિષય–કષાયાદિના અશુભ તથા પૂજા–દાન–શાસ્રસ્વાધ્યાય–ધર્માત્માની સેવા–સાધર્મીનો પ્રેમ–તીર્થયાત્રા વગેરેના શુભપરિણામ પણ આવે છે. એના અશુભપરિણામ ઘણા મંદ પડી ગયા હોય છે, વિષયકષાયોનો પ્રેમ અંતરમાંથી ઊડી ગયો હોય છે, અશુભ વખતેય નરકાદિ હલકી ગતિનાં આયુષનું બંધન તો તેને થતું જ નથી. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઉત્સાહ–ભક્તિ, શાસ્ત્ર પ્રત્યે ભક્તિ, તેનો અભ્યાસ વગેરે શુભપરિણામ વિશેષપણે હોય છે, પરંતુ એનું અંતર તો એ શુભથીયે ઉદાસ છે. એના અંતરમાં તો એક શુદ્ધઆત્મા જ વસ્યો છે.

જ્ઞાનની સાથે વિકલ્પ વર્તે છે એટલે એમ કહ્યું કે જ્ઞાન સવિકલ્પરૂપ થઈને વર્તે

**અર્હન્ સુપાર્શ્વ કદલીદલવર્ણ ગાત્ર પ્રા લે ય તા રગિરિમૌક્તિકવર્ણગૌર,**
**ચંદ્રપ્રભ સ્ફટિક પાંડુર પુષ્પદંત ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૪**

છે; પરંતુ ખરેખર કાંઈ જ્ઞાન પોતે વિકલ્પરૂપ થતું નથી. જ્ઞાન તો જ્ઞાનરૂપે જ વર્તે છે, વિકલ્પથી જુદું જ વર્તે છે. જ્ઞાન અને વિકલ્પ એ બંનેનું ભેદજ્ઞાન ધર્મીને સવિકલ્પદશા વખતેય વર્તી રહ્યું છે. પણ એ ભૂમિકામાં પરિણામની સ્થિતિ કેવી હોય તે અહીં બતાવવું છે. વિષયકષાયના જરા પણ ભાવ હોય ત્યાં સમ્યગ્જ્ઞાન હોય જ નહીં—એમ કોઈ માને તો તે બરાબર નથી. અથવા વિષયકષાયના પરિણામ સર્વથા છૂટીને વીતરાગ થાય ત્યારે જ સમ્યગ્જ્ઞાન થાય—એમ કોઈ કહે તો તે પણ બરાબર નથી. હા, એટલું ખરૂં કે એને વિષયકષાયનો રસ અંતરમાંથી સર્વથા છૂટી જાય, એમાં ક્યાંય અંશમાત્ર પણ આત્માનું હિત કે સુખ ન લાગે; એટલે એમાં સ્વચ્છંદે તો તે ન જ વર્તે. એ ‘સદનનિવાસી તદપિ ઉદાસી’ હોય છે.

આ રીતે ધર્મીને સમ્યગ્જ્ઞાન સાથે શુભ—અશુભ પરિણામ પણ વર્તતા હોય છે પણ તેથી કાંઈ તેના સમ્યક્શ્રદ્ધા—જ્ઞાન દૂષિત થઈ જતા નથી; જ્ઞાનપરિણામ જુદા છે ને શુભાશુભ પરિણામ જુદા છે, બંનેની ધારા જુદી છે. વિકલ્પ અને જ્ઞાનની ભિન્નતાનું ભાન વિકલ્પ વખતેય ખસતું નથી. ઉપયોગ ભલે પરને જાણવામાં રોકાયો હોય તેથી કાંઈ શ્રદ્ધા કે જ્ઞાન મિથ્યા થઈ જતા નથી. આ રીતે ધર્મીને સવિકલ્પદશા વખતે પણ સમ્યક્ત્વની ધારા તો એવી ને એવી વર્તે જ છે.

સવિકલ્પદશા વખતે એટલે કે ઉપયોગ બીજે ક્યાંક હોય ત્યારે પણ સમકિત કયા પ્રકારે વર્તે છે? એ વાત હવે પ્રશ્નોત્તરથી દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે.　　(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ)　　　　(છઢાળા પ્રવચન)

થાય છે કે નહીં? તું જે ઉપાયો અત્યાર સુધી કરતો હતો તેનું જૂઠાપણું દર્શાવ્યું તે તેમજ છે કે નહિ? તથા સમ્યક્દર્શનાદિ વડે સિદ્ધ અવસ્થા પ્રાપ્ત થતાં પરમ સુખ થાય—એ વાત બરાબર છે કે નહીં?—આ બધું તું વિચારી જો. અને ઉપર કહ્યા પ્રમાણે જ તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટીને સિદ્ધપદ પામવાના અમે જે ઉપાય કહીએ છીએ તે કર! વિલંબ ન કર. એ ઉપાય કરવાથી તારું કલ્યાણ જ થશે.

મિથ્યાત્વાદિ સેવતાં થયું જીવને દુઃખ; તે છોડી સમ્યક્ ભજો થાયે સાચું સુખ.
એવું સમ્યક્ સેવીએ જગતમાં જે સાર, વીતરાગવિજ્ઞાનથી થઈએ ભવથી પાર.

આ રીતે પં. શ્રી દૌલતરામજી રચિત છ-ઢાળામાં દુઃખનાં કારણરૂપ મિથ્યાશ્રદ્ધા—જ્ઞાન—ચારિત્રનું વર્ણન કરીને તે છોડવાનો ઉપદેશ દેનાર બીજા અધ્યાય પર પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો પૂર્ણ થયા.　　(ક્રમશઃ)



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## ❁ નિજધર્માધિકાર ❁

શરીરાદિ અનંતા પર પદાર્થો છે. પર પદાર્થને પોતાના માનવા કે ઠીક-અઠીક માનવા તે દુઃખનું કારણ છે. પચીસ હજાર રૂપિયા મળે તે સુખનું કારણ નથી ને પચીસ હજાર રૂપિયા કોઈ લૂંટી જાય તે દુઃખનું કારણ નથી. પર પદાર્થ સુખ-દુઃખનું કારણ નથી. પર પદાર્થનો ધર્મ પોતાને સુખરૂપ અથવા દુઃખરૂપ માનવો તે ભ્રાંતિ છે. બીજો જીવ મને તારી શકે છે—એમ માનવું તે ભૂલ છે.

શરીર આદરવા યોગ્ય નથી માટે નિંદ્ય છે, છતાં અજ્ઞાની શરીરને ધર્મનું સાધન માને છે. શરીરમાં સુખ માને, વિષયમાં સુખ માને, ઈન્દ્રિયથી સુખ માને, જડની અવસ્થાથી આત્માની અવસ્થા માને તો દુઃખ પામે. શરીર સારું હોય તો ધર્મ થાય ને રોગી હોય તો ધર્મ ન થાય—એ માન્યતા અજ્ઞાન છે. શરીર ઉપરની દૃષ્ટિ તે પર્યાયદૃષ્ટિ છે. સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી. પણ રાગ ઉપર દૃષ્ટિ છે તેની દૃષ્ટિ શરીર ઉપર ગયા વગર રહે નહિ. શરીરથી તપશ્ચર્યા થશે ને તેનાથી ધર્મ થશે—એમ મૂઢ માને છે. અનાદિથી જડની ક્રિયાથી ધર્મ માને છે, માટે તે દુઃખ પામે જ પામે, પણ સુખ પામે નહિ. દયા, દાન, વ્યવહારરત્નત્રય પરધર્મ છે, શરીરને પોતાનું માન્યા વિના રાગને પોતાનો માની શકે નહિ. પર પદાર્થો એ જ હું છું—એવી બુદ્ધિ પર્યાયબુદ્ધિવાળાને થાય છે. આત્મા મોટો સરદાર છે, તે શરીર તથા પુણ્યને પોતાનાં માને તો દુઃખ પામે જ પામે, તેને ધર્મ ન થાય. શરીર તે હું નથી, વિકાર તે હું નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું—એમ શુદ્ધ ચૈતન્યધર્મને જાણે ત્યારે સંસારથી તરે છે. તે સંસારતારણ ધર્મ છે. તેને નિજધર્મ કહીએ છીએ, કર્મને દુઃખ નથી. કર્મ પરમાણુની અવસ્થારૂપે થાય તો કર્મને દુઃખ નથી, ને કર્મ છૂટાં પડી જાય તો કર્મને સુખ નથી. સિદ્ધદશા વખતે સિદ્ધનાં કર્મ છૂટાં પડી ગયાં તો કર્મને સુખ થતું હશે? ના, કર્મને સુખદુઃખ નથી. અહીં આત્માને સુખદુઃખ થાય છે. અહીં આત્માના ધર્મની વાત ચાલે છે. પરથી સુખદુઃખ માનવું તે

સંતપ્તકાંચનરુચે જિનશીતલાખ્ય શ્રેયાન્વિનષ્ટ દુરિતાષ્ટ કલંકપંક,
બંધૂકબંધુર રુચે જિનવાસુપૂજ્ય ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૫

અધર્મ છે. શુદ્ધ ચૈતન્યના આશ્રયે અધર્મ ટળી ધર્મદશા થાય તેવો સંસારતારણ ધર્મ જીવમાં છે, જડમાં એવો ધર્મ નથી, કસ્તૂરી, હીરા, વગેરે પુદ્‌ગલોમાં એવો ધર્મ નથી. પરથી સુખ-દુઃખ માનવારૂપ અધર્મથી છૂટાય ને શાંતિ પ્રગટે તેને સંસારતારણ ધર્મ કહે છે. શિષ્યે પ્રશ્ન કરેલ હતો કે જીવમાં જ્ઞાન, દર્શનને નિજધર્મ કહો છો તો બધાં દ્રવ્યોના સ્વભાવને નિજધર્મ કહો ને? તેનો ખુલાસો આપ્યો કે આત્મા દુઃખથી બચી જાય ને સંસારથી તરી જાય તેવો તારણધર્મ આત્મામાં છે. માટે તેને નિજધર્મ કહીએ છીએ.

(૨) **સજીવધર્મ** :—આત્મા પોતાના ચેતનાપ્રાણથી જીવે છે. જાણવું-દેખવું તે જીવનો સ્વભાવ છે. તે સ્વજીવનો ધર્મ છે, માટે તેને નિજધર્મ કહે છે. શરીર હું નથી, રાગદ્વેષ અને અલ્પજ્ઞપણું મારું સ્વરૂપ નથી. હું તો પરિપૂર્ણ જાણનાર છું. સજીવ એટલે જાગતો ધર્મ છે, ચેતનાર છે. રાગદ્વેષ થાય તેને પણ જાણે એવો ધર્મ છે. જાણવાની અધિકાઈ થતાં ને રાગદ્વેષની હીનતા થતાં સજીવધર્મ પ્રગટે છે. અહો, રાગ-દ્વેષ, પુણ્ય-પાપને જ્ઞાનની અધિકાઈથી હું જાણું છું, શરીરની ક્રિયાને હું કરતો નથી, તે બધી ક્રિયાને જાણું છું. એવો જાગતો ધર્મ જીવમાં છે. ચૈતન્ય-જાગ્રતધર્મ પ્રગટેલા સાધકને નબળાઈથી રાગ થઈ આવે છે ને પર ઉપર લક્ષ જાય છે, તે રાગને ધર્મ કહેતા નથી. હું તો નિર્મળાનંદ છું—એવા શુદ્ધ ચૈતન્યના લક્ષે વિકારથી બચી ગયો તે તારણધર્મ છે ને બીજો ધર્મ જાગ્રતધર્મ છે, શરીરાદિને તથા વિકારાદિને જાણનાર છું. આમ અનંતા ધર્મોને જાણીને સ્વમાં એકાગ્ર થાય તેને સજીવધર્મ પ્રગટે છે. આ ધર્મ અજીવ પદાર્થોમાં હોતો નથી.

(૩) **પ્રકાશધર્મ** :—હું ત્રિકાળ જ્ઞાનાનંદ છું—એમ જાણે ને જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં રહે તેને પ્રકાશધર્મ કહે છે. તે જીવમાં હોય છે. પોતે પોતાના ધર્મને જાણે ને પરના ધર્મને પણ જાણે તે પ્રકાશધર્મ છે. હું જ્ઞાતા છું, શરીરાદિ તથા રાગદ્વેષનો જાણનાર છું, પરનો કર્તા નથી, હું સ્વ-પરનો જાણનાર છું—એવા પ્રકાશધર્મને નિજધર્મ કહે છે. આત્મા સ્વ-પરને જાણનારો છે. વ્યવહાર-રત્નત્રયને પરજ્ઞેય તરીકે જાણું ને પોતાને સ્વજ્ઞેય તરીકે જાણું—આમ જ્ઞાન યથાર્થ થતાં અંદર સ્થિર થયું તે ધર્મ છે.

(૪) **પરમધર્મ** :—આત્માએ બધા ધર્મોને પ્રગટ જાણવા. જડને પોતાના ધર્મની ખબર નથી. પરમાણુમાં આ ધર્મ છે, ધર્મ દ્રવ્યમાં આ ધર્મ છે—એમ આત્મા જાણે છે. વળી આ રાગ થયો, આ દ્વેષ થયો—તે બધાને જ્ઞાન જાણે છે, માટે જ્ઞાન આત્માનો ઉત્કૃષ્ટ ધર્મ છે. પાંચ દ્રવ્યો જડ છે—એવી જાહેરાત આત્માએ કરી.—આમ બધા પદાર્થોના

**ઉદ્દંડદર્પકરિપો વિમલામલાંગ સ્થેમન્નનંતજિદનંત સુખાંબુરાશે,**
**દુષ્કર્મકલ્મષવિવર્જિત ધર્મનાથ ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૬**

સ્વભાવને પ્રગટ કર્યા. આવો ઉત્કૃષ્ટ ધર્મ જીવમાં હોય છે, જડમાં હોતો નથી. માટે પરમધર્મ નિજધર્મ છે.

**(૫) હિતધર્મ** :—મારો આત્મા ચિદાનંદસ્વરૂપ છે, તેની શ્રદ્ધાથી હિત થાય છે. પૈસા આદિથી હિત ન માને પણ પોતાથી હિત થાય છે—એમ માને તેને હિતધર્મ કહે છે. હિતધર્મ જીવની પર્યાયમાં રહે છે. વ્યવહારથી કે નિમિત્તથી હિત થાય એમ માનવું તે મિથ્યાભાવ છે. મારા નિજરૂપથી શાંતિ થાય છે—એવી પ્રતીતિ, જ્ઞાન અને રમણતાને હિતધર્મ કહે છે. તે જીવનો નિજધર્મ છે. આમાં જ્ઞાનની ક્રિયા આવે છે, ખોટી ક્રિયાનો નિષેધ થાય છે. હિતરૂપ દશા જીવમાં હોય છે. પરમાણુને હિત-અહિત નથી. ઘઉંનો લોટ ઘીમાં શેકવાથી શીરો થાય તો તે લોટના પરમાણુનું કાંઈ હિત થતું હશે? ના, જડમાં હિતપણું નથી. આત્મા અનંત જ્ઞાનસ્વરૂપ છે—એવી શ્રદ્ધા હિતરૂપ છે. અજ્ઞાની પરથી સુખ માનતો તે અહિતરૂપ હતું. સાચી શ્રદ્ધાથી હિત થાય છે. ખરાબ પરમાણુ પલટીને સારા થઈ જાય તોપણ પરમાણુમાં હિત નથી. આત્મામાં હિતરૂપ ધર્મ છે. જે વ્યવહારનો રાગ આવે છે, દયા-દાનાદિના તથા કામ-ક્રોધના પરિણામ ઊઠે છે તે અહિતરૂપ છે. પોતે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે, તેની શ્રદ્ધાથી હિતરૂપ ધર્મ પ્રગટે છે. લોકો કહે છે કે અમો પરનું હિત કરી શકીએ છીએ. સારી ઓળખાણ હોય અથવા સારાં સગાં મળે તો હિત થાય—તે બધી માન્યતા ભ્રમ છે. હિતધર્મ પોતામાં છે. જ્ઞાનાનંદસ્વભાવ હિતેચ્છુ છે. પોતાની પર્યાયમાં થતો શુભરાગ પણ હિતેચ્છુ નથી તો પછી પરપદાર્થોને તો હિતેચ્છુ કેમ કહેવાય? ન જ કહેવાય.

**(૬) અસાધારણ ધર્મ** :—આત્માનાં જ્ઞાન, દર્શન, સુખ બીજાં દ્રવ્યોમાં નથી, માટે અસાધારણ ધર્મ આત્મામાં છે તેમ જ એક જીવનાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ બીજા જીવમાં નથી—એવો અસાધારણ ધર્મ જીવમાં છે, તેને નિજધર્મ કહે છે.

લોકોએ સત્ય વાત સાંભળી નથી, બાહ્ય ક્રિયાકાંડમાં ધર્મ માન્યો છે. એક હીરો ઢાંકીને રાખ્યો હોય ને ઉપર જૂના ફાટેલાં ગોદડાં ઢાંકી દીધા હોય ને પટારામાં ઊંડે ઊંડે હીરાને સાચવી રાખ્યો હોય તો તેમાં ગોદડાં આડે હીરો દેખાતો નથી, બહારથી ફાટેલાં ગોદડાં દેખાય છે. શરીર, મન, વાણી, વગેરે ચીંથરા સમાન છે. તેમાં ધર્મ નથી. અંતરમાં આત્મા રત્નસમાન પડ્યો છે, તેને દેખે ને ઓળખાણ કરે તો ધર્મ થાય તેમ છે. ફાટેલાં ચીંથરાને ચૂંથવાથી હીરો હાથ આવતો નથી, તેમ બાહ્ય ક્રિયાકાંડથી આત્મારૂપી હીરો હાથ આવે એમ નથી, અંતર ઓળખાણ કરે તો આત્મા હાથ આવે ને ધર્મ થાય. (ક્રમશઃ) ❋



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન ત્રીજું) (શ્રાવણ વદ ૧૪ ગુરુવાર)

તત્ત્વજ્ઞાનનો નિર્ણય કરવા માટે મૂળ રકમ—પ્રયોજનભૂત રકમ કઈ કઈ છે તે કહેવાય છે. વીતરાગના કહેલા માર્ગમાં આત્મસ્વભાવ શું છે, સાચા તત્ત્વ શું છે અને ખોટા માનેલા તત્ત્વો શું છે તેનો નિર્ણય કર્યા વિના ધર્મના નામે ત્યાગ કરે, તપ કરે, વ્રત-દાન વગેરેની શુભ પ્રવૃત્તિ કરે અને તેમાં કષાય ઘટાડે તો પુણ્ય થાય પણ ધર્મ ન થાય. જેનાથી જન્મ-મરણ મટે એવા વીતરાગે કહેલા મૂળ તત્ત્વના સાચા જ્ઞાન વગર વ્રત-તપાદિ બધા કાર્યો એકડા વગરના મીંડાં સમાન છે. જિનધર્મ શું છે અને સર્વજ્ઞ વીતરાગનો કહેલો સાચો મત શું છે તે જાણવું પડશે. જગતમાં બધાં જીવો પોતાના માનેલા દેવને સાચા જ કહે છે, ધર્મના નામે સૌ કહે છે કે અમે અમારા દેવ-ગુરુની આજ્ઞા માનીએ છીએ; પરંતુ સત્ય-અસત્યનો પરીક્ષા દ્વારા નિર્ણય કર્યા વિના સાચા દેવ-ગુરુને માનતો હોય તોપણ તે જૂઠ્ઠો જ છે, અન્યમતિમાં અને તેનામાં જરાય ફેર નથી. એ વાત આગળ (ભાદરવા સુદ-૧ ના વ્યાખ્યાનમાં) આવશે. જિનધર્મને સમજેલા અને સમજાવનારા સાચા ગુરુ કેવા હોય તે જાણવું જોઈએ. બાહ્ય સાધુનો વેશ ધારણ કરી લીધો હોય, અને બહારની ક્રિયા બરાબર પાળતો હોય, પણ અંતરના ગુણમાં ગુરુપણાની લાયકાત ન હોય તો તે કુગુરુ છે. આઠ બોલ સુધી ગઈ કાલે આવ્યું હતું.

**૯—૧૧. ધર્મ-અધર્મ-કુધર્મ :—**ધર્મ એ તો વસ્તુનો સ્વભાવ છે, એ કાંઈ બહારથી આવતો નથી. અધર્મ એટલે કે જેમાં ધર્મની કાંઈ ખબર જ ન હોય, એ તરફનું વલણ જ ન હોય એ અધર્મ છે. ધર્મ તો વસ્તુનો સનાતન સ્વભાવ છે, એ કાંઈ સાધારણ નથી. ચાર જ્ઞાનના ધણી ગણધરદેવ અને ઈન્દ્ર, ચક્રવર્તી વગેરે મહાન વ્યક્તિઓ જેનો આદર કરે છે એવો ધર્મ તે સાધારણ હાલીદુવાલી લોકો કહે છે તેવો નથી. ધર્મ તો અપૂર્વ ચીજ છે. ધર્મને નામે ઘણાં ઉપદેશ કરે છે કે ખૂબ પુણ્ય કરો એટલે ધર્મ થશે, પુણ્ય કરી કરીને પુણ્યનો સમુદ્ર છલકાવી દો એટલે પુણ્ય ફાટીને તેમાંથી ધર્મ પ્રગટ થશે. એનો અર્થ એવો થયો કે ખૂબ ઝેર પીતાં પીતાં અમૃતનો સ્વાદ આવી જશે. એમ કહેનાર પોતે ધર્મનું સ્વરૂપ સમજ્યા નથી. પુણ્ય તો બંધભાવ છે, જે ભાવે પરાધીનતા

**દેવામરીકુસુમસન્નિભ શાંતિનાથ કુંથોદયાગુણવિભૂષણભૂષિતાંગ,**
**દેવાધિદેવ ભગવન્નરતીર્થનાથ ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૭**

થાય, બંધન પડે તે ભાવે સ્વાધીનતારૂપ ધર્મનો અંશ પણ થાય નહીં. ધર્મના સ્વરૂપથી વિપરીત માન્યતા તે કુધર્મ છે.

**૧૨–૧૩. હેય-ઉપાદેય** :—આદરવા યોગ્ય તત્ત્વો ક્યા ક્યા છે અને ત્યાગવા યોગ્ય તત્ત્વો ક્યા ક્યા છે તેનો નિર્ણય કરવો જોઈએ.

સાચા દેવ-ગુરુ-ધર્મનો સંશય રહિત ચોક્કસપણે નિર્ણય કરવો જોઈએ. અજ્ઞાનપણું તે બચાવ નથી પણ દોષ છે. લોકો કહે છે કે ''આંધળાની ગાયના અલ્લા રખવાળ'', પણ એ વાત અહીં ધર્મમાં ચાલે તેમ નથી. આ તો જન્મ-મરણ ટાળવાની વાત છે. પરમ સત્યધર્મમાં અંધશ્રદ્ધાથી ધર્મ થઈ જાય એવું નથી. અહીં પોપાબાઈનું રાજ નથી; આ તો સ્વરૂપ-માર્ગ છે, અનંતા તીર્થંકરોનો માર્ગ છે; તેમાં તત્ત્વની શ્રદ્ધામાં જરા પણ ખામી ચાલે નહીં.

**૧૪–૧૬. તત્ત્વ-અતત્ત્વ-કુતત્ત્વ** :—સર્વજ્ઞ ભગવાને કહેલા નવ તત્ત્વનું સ્વરૂપ શું છે? તત્ત્વથી વિપરીત શું છે? અને અજ્ઞાનીઓએ માનેલું તત્ત્વનું સ્વરૂપ તે કુતત્ત્વ શું છે? અર્થાત્ ખાલી જૂઠ્ઠી વાતોથી કલ્પના દ્વારા બીજાઓએ માનેલું શું છે? એ બધાનો યથાર્થ નિર્ણય આગમ દ્વારા કરવો જોઈએ.

**૧૭–૧૯. માર્ગ-કુમાર્ગ-અમાર્ગ** :—સર્વજ્ઞ ભગવાને કહેલો મોક્ષનો માર્ગ શું છે, તેનાથી વિપરીત કુમાર્ગ શું છે અને હિત-અહિતનો જ્યાં બિલકુલ વિચાર જ નથી, માર્ગ તરફનું વલણ જ નથી એવો અમાર્ગ શું છે તે જાણવું જોઈએ.

પ્રશ્ન :—અમાર્ગમાં તો માર્ગ તરફનું વલણ જ નથી, તો તે અમાર્ગ કરતાં તો કુમાર્ગ (ખોટો માર્ગ) સારો ને?

ઉત્તર :—એ બેમાંથી એકેય માર્ગ સારો નથી. સાચું ન સમજાય અને ઊંધી માન્યતાના લાકડાં ખોસી દે એ માર્ગને સારો કેમ કહેવાય? કુમાર્ગ અને અમાર્ગ બન્ને ખરાબ છે.

**૨૦–૨૧. સંગતિ-કુસંગતિ** :—સત્સંગ કોને કહેવો અને અસત્સંગ કોને કહેવો? સાચી વાત ક્યાંથી મળે છે? તે જાણવું જોઈએ.

**૨૨–૨૩. સંસાર-મોક્ષ** :—સંસાર અને મોક્ષ કોને કહેવા? સ્ત્રી, મકાન, લક્ષ્મી, કુટુંબ વગેરે પર પદાર્થોમાં આત્માનો સંસાર નથી. પણ શરીર મારું, હું પરનું કાંઈ કરી

**યન્મોહમલ્લમદભંજન મલ્લિનાથ ક્ષેમંકરાવિતથ શાસન સુવ્રતાખ્ય,**
**યત્સંપદા પ્રશમિતો નમિનામધેય ત્વદ્દ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૮**

શકું, પુણ્યથી મને લાભ થાય, પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એવા પ્રકારની ઊંધી માન્યતા તે સંસાર છે, તે આત્માની ક્ષણિક વિકારી અવસ્થા છે; અને પુણ્ય-પાપ રહિત સ્વભાવનું ભાન અને સ્થિરતા દ્વારા પૂરેપૂરી પવિત્રતારૂપ પોતાની નિર્મળ દશા તે મોક્ષ છે, તે પણ આત્માની અવસ્થા છે. મોક્ષ બહારથી આવતો નથી, તેમ જ મોક્ષ માટે ક્યાંય જવાનું નથી, પણ આત્મામાંથી જ પુરુષાર્થ દ્વારા મોક્ષદશા પ્રગટે છે.

પ્રશ્ન :—જૈનધર્મ તો બધાયથી અતડો (મેળ વગરનો) છે?

ઉત્તર :—જૈનધર્મ સ્વભાવ સાથે તદ્દન મેળવાળો છે. કોઈ અસત્ય ધર્મ સાથે આ સત્યાર્થ ધર્મને મેળ નથી, તેથી અસત્યથી તદ્દન અતડો છે. મેળ બેસાડવા ખાતર કાંઈ ઝેર અને અમૃતને સરખા ન મનાય! બ્રહ્મચારી હોય તે વેશ્યાવાડે જાય નહીં, તેમ જૈનધર્મની અન્ય ધર્મ સાથે સરખામણી હોય નહીં. મોક્ષદશામાં એક આત્મા બીજા આત્મામાં ભળી જતો નથી, પણ પૂર્ણ પવિત્રતા પ્રગટ કરી તે ભગવાન અનંતકાળ સુધી પોતાના સ્વરૂપની શાંતિ અને અનંત સુખનો ભોગવટો કરે છે. જગતના દુઃખ દેખીને ભગવાન અવતાર લેતા નથી; ભગવાન તો વીતરાગ છે. નિવૃત્તિ લઈને સત્સમાગમે સત્‌નો નિર્ણય કરવો જોઈએ. આ તત્ત્વનિર્ણય માટે પ્રયોજનભૂત રકમ કઈ કઈ છે તે કહેવાય છે.

**૨૪—૨૫. જીવ-અજીવ :**—જીવ કોને કહેવાય અને જડ કોને કહેવાય એ બન્નેનો યથાર્થ લક્ષણો દ્વારા નિર્ણય કરવો જોઈએ. હાથી, કીડી, માણસ વગેરે જીવ છે એમ લોકો કહે છે, પણ હાથી વગેરે તો શરીર છે, ને તે શરીર તો છૂટી જાય છે. તે શરીરમાં રહેલો જાણનાર તે જીવ છે, અને શરીર તે અજીવ છે. શરીર કાંઈ જીવ સાથે આવતું નથી, કેમકે તે જીવથી જુદી વસ્તુ છે, અજીવ છે. આત્મા તો અસંયોગી જ્ઞાન-આનંદની મૂર્તિ છે.


**૨૬. આસ્રવ :**—પુણ્ય-પાપના વિકારી ભાવ તે બન્ને આસ્રવભાવ છે. વ્રત, તપના વિકલ્પ પણ આસ્રવ છે. આત્માના ભાન વિના તો વ્રત, તપ કે ત્યાગ સાચા હોય જ નહીં. બાહ્ય લૌકિક નીતિ, સત્ય બોલવું વગેરે તથા ધર્મના બાનાની (એટલે કે ખરેખર ધર્મની નહિ પણ ધર્મના નામે માનેલી) શુભભાવની ક્રિયા તે પણ જૈનધર્મ નથી. તે આસ્રવ છે, વિકાર છે, બંધન છે. જૈનધર્મ તો આત્માનું વીતરાગ સ્વરૂપ છે; તેના ભાન વિના ભક્તિ, વ્રત, પૂજા વગેરેના શુભભાવ કરે તો પુણ્ય બંધાય. તે આસ્રવ છે, તેમાં ધર્મ નથી. (ક્રમશઃ) ❊

**તાપિચ્છગુચ્છરુચિરોજ્જ્વલ નેમિનાથ ઘોરોપસર્ગવિજયિન્ જિન પાર્શ્વનાથ**
**સ્યાદ્વાદસૂક્તિમણિદર્પણ વર્દ્ધમાન ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૯**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(બીજી ઢાળ ગાથા ૧૫)



## હે જીવ ! મિથ્યાત્વાદિને છોડીને હવે આત્મહિતમાં લાગ

ઘણા કાળ સુધી મિથ્યાભાવોને લીધે તું સંસારમાં દુઃખી થયો, પણ હે ભાઈ! હવે તે દુઃખથી છૂટવા માટે આત્મહિતનો માર્ગ સંતોએ તને બતાવ્યો, માટે મિથ્યાભાવોને રોમેરોમથી છોડી દે અને હિતપંથમાં આત્માને જોડ—એમ કહે છે—

ते सब मिथ्याचारित्र त्याग, अब आतम के हितपंथ लाग।
जगजाल-भ्रमणको देहु त्याग, अब दौलत निज आतम सुपाग।।१५।।

જીવને ચાર ગતિના સર્વ દુઃખોનું કારણ જે મિથ્યાદર્શન—મિથ્યાજ્ઞાન—મિથ્યાચારિત્ર તે બતાવીને શ્રીગુરુ કહે છે કે હે જીવ! આવા દુઃખદાયક મિથ્યાદર્શન—જ્ઞાન—ચારિત્રને તું છોડ, અને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરીને આત્મહિતના પંથમાં લાગ. અનાદિથી મિથ્યાત્વાદિ ભાવોને સેવીને દુઃખી થયો, હવે તો આત્માના હિતનો ઉપાય કર!—'अब आतम के हितपंथ लाग.' આ જગતની જાળમાં ભટકવાનું છોડી દે અને ચૈતન્ય દોલતથી ભરપૂર એવા નિજાત્મામાં લીન થા. કવિ પોતાને સંબોધીને કહે છે કે હે દૌલત ! તું પોતાના આત્માને આરાધવામાં લીન થા, ને સંસારની જંજાળને છોડ.

અહા, જીવોને હિતપંથમાં જોડવા માટે સંતો કેવી કરુણાથી ઉપદેશ આપે છે! મિથ્યાત્વાદિ ભાવો તે જ જગતની જાળ છે, તેમાં અટવાયેલો જીવ ચાર ગતિમાં રખડે છે ને દુઃખી થાય છે. તેને દુઃખથી છોડાવવા ને સુખ પ્રાપ્ત કરાવવા માટે આ વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ શ્રીગુરુ આપે છે.

'तातैं दुःखहारी सुखकार, कहै सीख गुरु करुणाधार'
'ताहि सुनो भवि मन थिर आन, जो चाहो अपनो कल्यान।'

ભાઈ! તારા કલ્યાણને માટે તું આ ઉપદેશ અંગીકાર કર. આત્મહિતના અભિલાષી મુમુક્ષુ જીવો ગૃહીત—અગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને છોડીને અને શુદ્ધ

પ્રાલેયનીલહરિતારુણપીતભાસં યન્મૂર્તિમવ્યય સુખાવસથં મુનીંદ્રાઃ
ધ્યાયંતિ સપ્તતિશતં જિનવલ્લભાનાં ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૧૦

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અંગીકાર કરીને આત્મ-કલ્યાણના માર્ગમાં લાગો; પરાશ્રયભાવરૂપ આ સંસારમાં ભટકવાનું છોડો, મિથ્યાત્વાદિ ભાવોનું સેવન છોડો. સાવધાન થઈને આત્માને રત્નત્રયધર્મની આરાધનામાં જોડો.

શ્રી કુંદકુંદસ્વામી નિયમસારમાં કહે છે કે—

"મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ—આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. (૯૦)"

અરે જીવ! હવે એવા મિથ્યાત્વાદિ દુઃખદાયી ભાવોને છોડ, ને આત્માના કલ્યાણના માર્ગમાં લાગી જા. અરે, હું તો દેહથી ને રાગથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ છું—એમ શ્રદ્ધા—જ્ઞાન—અનુભવ કરીને આત્મહિતમાં લાગી જા. ભાઈ! આવું મનુષ્યપણું પામીને તેં આત્માને મેળવ્યો કે નહીં? તારા આત્માનો ઉદય તેં કર્યો કે નહીં?—કે પારકી ચિન્તામાં જ જીવન વીતાવ્યું? અરે, અત્યાર સુધી આત્માને ભૂલીને મિથ્યાભાવોના સેવન વડે પોતે પોતાનું અહિત કર્યું; અને તેમાંય કુદેવ—કુગુરુ—કુધર્મના સેવનથી તો આત્માનું ઘણું જ અહિત થયું ને દુઃખ ભોગવ્યું. માટે હે જીવ! તું સાચા દેવ—ગુરુ—ધર્મને ઓળખીને સમ્યક્ત્વાદિ ભાવો પ્રગટ કર.—એમ કરવાથી તારું પરમ હિત થશે.

અરે, ઘણા જીવો તો એવા છે કે ભગવાને કહેલા વીતરાગ વિજ્ઞાનને તો ઓળખતા નથી, અને મૂઢતાને લીધે એમ સમજે છે કે અમે કંઈક તત્ત્વજ્ઞાન કરીએ છીએ,—પણ ઊલ્ટું કુગુરુઓનાં નિમિત્તથી વિપરીત વિચારમાં જ શક્તિ ગુમાવીને મિથ્યાત્વને પુષ્ટ કરે છે. એવા જીવોને તો સમ્યક્દર્શન વગેરેની પ્રાપ્તિનો અવકાશ જ નથી.

હવે કદાચિત થોડીક વિવેકબુદ્ધિ પ્રગટ કરે ને કુદેવ—કુગુરુ—કુધર્મ પાસેથી છૂટીને સાચા વીતરાગી દેવ—ગુરુ—ધર્મ પાસે આવે, તો ત્યાં પણ તે દેવ—ગુરુ શુદ્ધાત્માના અનુભવનો જે નિશ્ચય ઉપદેશ આપે છે તેને તો તે ઓળખતો નથી, ને માત્ર વ્યવહારશ્રદ્ધા કરીને, ખરેખર અતત્ત્વ—શ્રદ્ધાળુ જ રહે છે; જોકે તેને મિથ્યાત્વાદિની મંદતા થઈ છે તે અપેક્ષાએ દુઃખ પણ મંદ છે, પણ સમ્યગ્દર્શન વડે આત્માના આનંદનો અનુભવ થયા વગર દુઃખ કદી મટે નહિ; મંદ—તીવ્ર થયા કરે પણ તેનો અભાવ ન થાય; માટે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર સિવાય જીવ બીજા જે ઉપાય કરે તે બધા જૂઠા છે.

સુપ્રભાતં સુનક્ષત્રં માંગલ્યં પરિકીર્તિતં,
ચતુર્વિંશતિ તીર્થાનાં સુપ્રભાતં દિનેદિને. ૧૧

સાચો ઉપાય શું છે?—કે વીતરાગ-વિજ્ઞાન, એટલે કે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર.

અરે, જીવને પોતાને પ્રત્યક્ષ જે દુઃખ વેદાઈ રહ્યું છે તે પોતાનું દુઃખ પણ જેને ન ભાસે, તો બીજા તેને કઈ રીતે બતાવશે? પોતાના પરિણામ જોવા જેટલી ધીરજ ને વિશુદ્ધતા હોવી જોઈએ. ભાઈ, જરાક ધીરો થઈને અંતરમાં વિચાર કે શાસ્ત્રો જે દુઃખોનું વર્ણન કરે છે એવું દુઃખ તારામાં વેદાય છે કે નહિ? તારાં દુઃખને અને દુઃખનાં કારણોને જાણ; અને તેનાથી છૂટવા આ મનુષ્યજીવનને ધર્મસાધનમાં લગાવ, તો તને મોક્ષસુખ મળશે. મોક્ષસુખ મનુષ્યપણામાં જ સાધી શકાય છે; પણ જો મોક્ષસાધનને બદલે વિષયોમાં જ મનુષ્યપણું ગુમાવી દઈશ તો તું પસ્તાઈશ.

અરે, શ્રીગુરુ વારંવાર સમજાવે છે પણ જીવ સમ્યક્ પરિણમન કરતો નથી. અંદર ઊંડો વિચાર જ કરતો નથી. ભાઈ, નિજહિત કેમ થાય તેની તું વિચારણા કર. મોક્ષમાર્ગ પ્રકાશકમાં પં. ટોડરમલ્લજી કહે છે કે—'ભલું થવાયોગ્ય હોવાથી જીવને એવો વિચાર આવે છે કે હું કોણ છું? ક્યાંથી આવી અહીં જન્મ ધર્યો છે? મરીને ક્યાં જઈશ? મારું સ્વરૂપ શું છે? આ ચારિત્ર કેવું બની રહ્યું છે? મને જે આ ભાવો થાય છે તેનું ફળ શું આવશે? તથા આ જીવ દુઃખી થઈ રહ્યો છે તો એ દુઃખ દૂર થવાનો ઉપાય શું છે? આટલી વાતનો નિર્ણય કરીને જેથી પોતાનું હિત થાય તે જ કરવું.'—આમ વિચારપૂર્વક તે જીવ ઉદ્યમવંત થાય છે. અતિ પ્રીતિપૂર્વક શ્રવણ કરીને ગુરુએ કહેલા વસ્તુસ્વરૂપને પોતાના અંતરમાં વારંવાર વિચારે છે; અને સત્ય સ્વરૂપનો નિશ્ચય કરીને તેમાં ઉદ્યમી થાય છે....ને આ રીતે વીતરાગવિજ્ઞાન વડે પોતાનું કલ્યાણ સાધે છે.

જિજ્ઞાસુ જીવોના કલ્યાણ માટે વીતરાગવિજ્ઞાનનો આ ઉપદેશ છે. તેમાં દુઃખનાં કારણરૂપ મિથ્યાત્વાદિનું સ્વરૂપ ઓળખાવીને તેનો નિષેધ કર્યો છે; તેમાં પ્રયોજન એ છે કે તે મિથ્યાત્વના પ્રકારોને ઓળખીને પોતામાં કોઈ એવો દોષ હોય તો તે દૂર કરી સમ્યક્ શ્રદ્ધા પ્રગટ કરવી; પણ કોઈ અન્યના એવા દોષ જોઈ કષાય ન કરવો; કારણ કે પોતાનું ભલું—બૂરું તો પોતાના પરિણામોથી જ થાય છે. પોતાના હિત માટે, સર્વ પ્રકારના મિથ્યાભાવ છોડીને સમ્યગ્દષ્ટિ થવું યોગ્ય છે. મિથ્યાત્વ તે સંસારનું મૂળ કારણ છે; રાગ-દ્વેષ શુભાશુભ પરિણામ તે પણ દુઃખ છે, તે પણ સંસારનું કારણ છે. આવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષ દુઃખરૂપ જાણીને, હે જીવો! હવે તો તેનું સેવન છોડો; ને

**સુપ્રભાતં સુનક્ષત્રં શ્રેયઃ પ્રત્યભિનંદિતં,**
**દેવતા ઋષયઃ સિદ્ધાઃ સુપ્રભાતં દિને દિને. ૧૨**

આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને તેમાં લીનતાનો ઉદ્યમ કરો.

હે ચૈતન્ય–દોલતવાળા દૌલતરામ! હે આતમરામ! તું તારા અનંતગુણનિધાનની દોલતને સંભાળ. આ સોનાચાંદીની દોલત જડ, એ તો તારાથી જુદી છે; તારો આત્મા કેવળજ્ઞાનાદિ અનંતગુણરૂપ દોલતથી ભરપૂર છે; તેને ઓળખીને તારા નિજનિધાનને સંભાળ.–આ રીતે ગ્રંથકાર કવિ દૌલતરામજી પોતે પોતાને પણ સંબોધે છે ને બીજાને પણ તેવો ઉપદેશ આપે છે. ભાઈ, તારામાં તો કેવળજ્ઞાન ને સિદ્ધપદ પ્રગટવાની તાકાત છે, પણ પોતાને ભૂલીને તું ભવમાં ભટક્યો. માટે હવે તો બીજી બધી પંચાત છોડીને, જગતની જંજાળ છોડીને તું આત્મહિતના ઉદ્યમમાં લાગ. રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને પ્રગટ કર. એ માર્ગનું વર્ણન હવેની ઢાળમાં કરશે.

અહા, વીતરાગી સંતો કરુણાપૂર્વક કહે છે કે હે ભાઈ! 'अब आतम के हितपंथ लाग.' બાપુ તારો ઘણો કાળ દુઃખમાં ચાલ્યો ગયો, હવે તો સાવધાન થઈને આત્માનું હિત કર. હિત કરવાનો આ અવસર છે. આ ઉત્તમ અવસરને ચુકીશ ના. રાગ દુઃખદાયક હોવા છતાં તેને સુખદાયક માનીને સેવ્યો, ને સમ્યગ્દર્શનપૂર્વકનો વીતરાગી ચારિત્રધર્મ આનંદદાયક હોવા છતાં તેને દુઃખદાયક માન્યો,—એ પ્રમાણે બંધ-મોક્ષના કારણોમાં ભૂલ કરી એટલે તત્ત્વશ્રદ્ધામાં વિપરીતતા થઈ. એ તત્ત્વની ભૂલરૂપ મિથ્યાત્વ છોડીને, યથાર્થ તત્ત્વ ઓળખીને સમ્યગ્દર્શન પ્રગટ કરીને અંતરમાં મોક્ષમાર્ગ પ્રગટ કરવો; તે માટે હે આત્મા! તું સાવધાન થા.

સાચા જૈન વીતરાગમાર્ગ સિવાય બીજા માર્ગને માનવો તે તો ગૃહીતમિથ્યાત્વ છે,—તેમાં તીવ્ર ઊંધાઈ છે; ને જૈનમાર્ગમાં આવીને પણ, જો પોતે અંતરમાં સર્વજ્ઞદેવે કહેલા નવ તત્ત્વોનો નિર્ણય કરીને આત્માનો અનુભવ ન કરે તો અનાદિનું મિથ્યાત્વ ટળતું નથી. તેથી આ અધિકારમાં સાત તત્ત્વોની શ્રદ્ધામાં જીવની ભૂલ બતાવીને તે છોડવાનો ઉપદેશ દીધો છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આનંદદાયક છે ને મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્ર મહા દુઃખદાયક છે; માટે એ બંનેને બરાબર ઓળખીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને ગ્રહણ કરો, ને મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રને છોડો.

જ્ઞાનીઓ કરુણાથી ઉપદેશ કરે છે કે હે ભાઈ! હે ભવ્ય! અહીં સંસારમાં જે દુઃખો બતાવ્યાં, તથા તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવો બતાવ્યાં, તેનો અનુભવ તને

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૨ ઉપર)

**સુપ્રભાતં તવૈકસ્ય વૃષભસ્ય મહાત્મનઃ,**
**યેન પ્રવર્તિતં તીર્થં ભવ્યસત્ત્વ સુખાવહં. ૧૩**

# * જે તરફની રુચિ તે તરફનું ઘોલન *

એક ને એક વાત ફેરવી ફેરવીને કહેવાય છે, તેથી રુચિવંત જીવને કંટાળો ન આવે. નાટકની રુચિવાળો નાટકમાં 'વન્સમોર' કરીને પણ પોતાની રુચિવાળી વસ્તુને વારંવાર જુએ છે; તેમ જે ભવ્યજીવોને આત્માની રુચિ થઈ અને આત્માનું કરવા માટે નીકળ્યા તે વારંવાર રુચિપૂર્વક દરેક વખતે–ખાતાં, પીતાં, ચાલતાં, સૂતાં, બેસતાં, બોલતાં, વિચારતાં–નિરંતર શ્રુતનું જ અવલંબન, સ્વભાવના લક્ષે કરે છે; તેમાં કોઈ કાળ કે ક્ષેત્રની મર્યાદા કરતા નથી. શ્રુતજ્ઞાનની રુચિ અને જિજ્ઞાસા એવી જામી છે કે ક્યારેય પણ તે ખસતી નથી. અમુક કાળ અવલંબન કરવું–પછી મૂકી દેવું એમ નથી કહ્યું, પરંતુ શ્રુતજ્ઞાનના અવલંબન વડે આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. જેને સાચા તત્ત્વની રુચિ થઈ છે તે બીજાં સર્વ કાર્યોની પ્રીતિને ગૌણ જ કરે છે.

**પ્રશ્ન :**—ત્યારે શું સત્‌ની પ્રીતિ થાય એટલે ખાવા–પીવાનું અને ધંધો–વેપાર બધું છોડી દેવું? શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું—પરંતુ સાંભળીને કરવું શું?

**ઉત્તર :**—સત્‌ની પ્રીતિ થાય એટલે તરત જ ખાવાપીવાનું બધું છૂટી જ જાય એવો નિયમ નથી, પરંતુ તે તરફની રુચિ તો અવશ્ય ઘટે જ. પરમાંથી સુખબુદ્ધિ ઊડી જાય અને બધામાં એક આત્મા જ આગળ હોય એટલે નિરંતર આત્માની જ ધગશ અને ઝંખના હોય. માત્ર શ્રુતજ્ઞાન સાંભળ્યા જ કરવું એમ કહ્યું નથી, પરંતુ શ્રુતજ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરવો. શ્રુતના અવલંબનની ધૂન ચડતાં ત્યાં દેવ, ગુરુ, શાસ્ત્ર, ધર્મ, નિશ્ચય, વ્યવહાર વગેરે અનેક પડખાંથી વાતો આવે તે બધાં પડખાં જાણીને એક જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો જોઈએ. આમાં ભગવાન કેવા, તેમનાં શાસ્ત્રો કેવાં અને તેઓ શું કહે છે એ બધાનું અવલંબન એમ નિર્ણય કરાવે છે કે તું જ્ઞાન છો. આત્મા જ્ઞાનસ્વરૂપી જ છે, જ્ઞાન સિવાય બીજું કાંઈ તે કરી શકતો નથી.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—આત્મા પરોક્ષ છે તો કેમ જણાય?**

ઉત્તર :—આત્મા પ્રત્યક્ષ જ છે. પર્યાય અંતર્મુખ થાય તો આત્મા પ્રત્યક્ષ છે તેમ જણાય છે. બહિર્મુખ પર્યાયવાળાને આત્મા પ્રત્યક્ષ લાગતો નથી—પ્રત્યક્ષ દેખાતો નથી પણ આત્મા પ્રત્યક્ષ જ છે, એની સન્મુખ ઢળીને દેખે તો જણાય છે.

**પ્રશ્ન :—નિયમસાર શાસ્ત્રમાં કહે છે કે આત્મા નિરંતર સુલભ છે; તેનો શું અર્થ?**

ઉત્તર :—નિયમસાર કળશ-૧૭૬માં કહે છે કે આત્મા નિરંતર સુલભ છે. અહાહા! આત્મા નિરંતર વર્તમાન સુલભ છે, વર્તમાન સુલભ છે એનું તાત્પર્ય એ છે કે આત્મા વર્તમાનમાં જ છે,તેનો વર્તમાનમાં આશ્રય લે! ભૂતકાળમાં હતો અને ભવિષ્યમાં રહેશે એમ ત્રિકાળ લેતા તેમાં કાળની અપેક્ષા આવે છે. તેથી વર્તમાનમાં જ ત્રિકાળી પૂર્ણાનંદ નાથ પડ્યો છે, તેનો વર્તમાનમાં જ આશ્રય લે તેમ કહે છે.

**પ્રશ્ન :—સ્વદ્રવ્ય આદરણીય છે તેમ તેની ભાવનારૂપ નિર્મળ પર્યાય આદરણીય કહેવાય?**

ઉત્તર :—હા, રાગ હેય છે તેની અપેક્ષાએ નિર્મળ પર્યાયને આદરણીય કહેવાય અને દ્રવ્યની અપેક્ષાએ પર્યાય તે વ્યવહાર છે તે આશ્રય યોગ્ય ન હોવાથી હેય કહેવાય. ક્ષાયિક પર્યાય દ્રવ્યની અપેક્ષાએ હેય કહેવાય પણ રાગની અપેક્ષાએ ક્ષાયિકભાવને આદરણીય કહેવાય.

**પ્રશ્ન :—ઇષ્ટોપદેશમાં આવે છે કે જીવ અને દેહને જુદા જાણવા તે બાર અંગનો સાર છે, એટલે શું?**

ઉત્તર :—જીવ અને દેહને—પુદ્ગલને જુદા જાણે એટલે વિકાર પણ આત્માના સ્વભાવથી જુદો છે તેમ તેમાં આવી જાય છે. પુદ્ગલથી અને વિકારથી ભિન્ન આત્માનો સ્વભાવ જાણવો—અનુભવવો તે બાર અંગનો સાર છે. બાર અંગમાં આત્માની અનુભૂતિ કરવાનું કહ્યું છે.

**સુપ્રભાતં જિનેન્દ્રાણાં જ્ઞાનોન્મીલિતચક્ષુષાં,**
**અજ્ઞાનતિમિરાંધાનાં નિત્યમસ્તમિતોરવિઃ ૧૪**

**પ્રશ્ન :—ભેદવિજ્ઞાન એટલે શું?**

ઉત્તર :—આત્મા ઉપયોગસ્વરૂપ છે, રાગાદિ પરભાવોથી તે ભિન્ન છે. એમ ઉપયોગને અને રાગાદિને સર્વપ્રકારે અત્યંત જુદા જાણીને રાગથી ભિન્નપણે અને ઉપયોગમાં એકતાપણે જ્ઞાન પરિણમે તે ભેદવિજ્ઞાન છે.

**પ્રશ્ન :—ભેદજ્ઞાની શું કરે છે?**

ઉત્તર :—તે ધર્માત્મા પોતાના ભેદવિજ્ઞાનની શક્તિ વડે નિજ મહિમામાં લીન થાય છે; તેઓ રાગરૂપે જરા પણ નથી પરિણમતા, જ્ઞાનરૂપે જ રહે છે.

**પ્રશ્ન :—જ્ઞાનીને શરીર જેમ ભિન્ન દેખાય છે તેમ રાગાદિ ભિન્ન દેખાય છે?**

ઉત્તર :—જ્ઞાનીને રાગાદિ શરીરની જેમ જ ભિન્ન દેખાય છે, અત્યંત ભિન્ન દેખાય છે.

**પ્રશ્ન :—શરીર તો આત્માથી જુદું કહ્યું, તે તો ઠીક, પણ રાગ આત્માથી જુદો, એ જરા કઠણ પડે તેવું છે!**

ઉત્તર :—ચૈતન્યમાં અંદર ગયો એટલે પુણ્ય-પાપ ભાવનો સાક્ષી થઈ ગયો તેથી તે ભાવે જુદા છે, કાળે જુદા છે, ક્ષેત્રે પણ જુદા છે. વસ્તુ જુદી જ છે. આત્મા તો એકલો જ્ઞાનઘન ચૈતન્યપુંજ છે.

**પ્રશ્ન :—સુખ–દુ:ખની કલ્પના જીવને થતી દેખાય છે ને સમયસાર ગાથા ૭૭માં તેને પુદ્ગલદ્રવ્યના પરિણામ કેમ કહ્યાં છે?**

ઉત્તર :—સુખ-દુ:ખ, હર્ષ-શોક આદિ જીવની પર્યાયમાં થાય છે. પણ ત્યાં તો દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે એવા જ્ઞાની જીવની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એની દૃષ્ટિ આત્માના આનંદમાં છે એ જીવ સુખ-દુ:ખની કલ્પનાને કેમ ભોગવે? તેથી જ્ઞાનીના સુખ-દુ:ખના રાગ-પરિણામને પુદ્ગલના પરિણામ કહ્યાં છે અને એ સુખ-દુ:ખના પરિણામની આદિ મધ્ય ને અંતમાં અંતર્વ્યાપક થઈને પુદ્ગલદ્રવ્ય તેને ગ્રહણ કરે છે, ભગવાન આત્મા તેને ગ્રહણ કરતો કે ભોગવતો નથી. કેમ કે આત્માનું સ્વરૂપ જ્ઞાયક છે; કલ્પનાના સુખ-દુ:ખનું ભોગવવું તેનું સ્વરૂપ નથી. પર્યાયમાં સુખ-દુ:ખની કલ્પના થાય છે પણ દ્રવ્યદૃષ્ટિવંત જ્ઞાની તેનો કર્તા-ભોક્તા થતો નથી.

**સુપ્રભાતં જિનેંદ્રસ્ય વીરઃ કમલલોચનઃ,**
**યેન કર્માટવી દગ્ધા શુક્લધ્યાનોગ્રવહ્નિના. ૧૫**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *વિકલ્પાત્મક ભાવભાસન યથાર્થ કહેવાય?*

**સમાધાન :—**વિકલ્પાત્મક ભાવભાસન બુદ્ધિથી થાય છે, તેને વ્યવહારે યથાર્થ કહેવાય. પણ વાસ્તવિક યથાર્થ તો ચૈતન્યને ગ્રહણ કરે ત્યારે જ કહી શકાય. બુદ્ધિથી નિર્ણય કરે તેને વ્યવહારથી કહેવાય, પણ વાસ્તવિકપણે પોતે પોતાને ગ્રહણ કરે ત્યારે યથાર્થ કહેવાય.

**પ્રશ્ન :—** *જ્ઞાન લક્ષણના ભેદમાં ન રોકાતાં શું હું જ્ઞાયક છું એમ આપ સીધો જ્ઞાયકને ગ્રહણ કરવાનું કહો છો?*

**સમાધાન :—**જે જ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે પલટે છે તે હું નથી, હું તો ત્રિકાળ જાણનાર છું. સ્વયં મારું અસ્તિત્વ જ જ્ઞાયક છે, મારું અસ્તિત્વ સ્વયં જ્ઞાયકતાથી જ રચાયેલું છે. આ ક્ષણે ક્ષણે જે ફેરફાર થાય તે મારું મૂળ સ્વરૂપ નથી, સ્વયં જ્ઞાયકતાથી રચાયેલું મારું અસ્તિત્વ અખંડ છે, એમ જ્ઞાયકને ગ્રહણ કરવો. આ ક્ષણ પૂરતું જ્ઞાન-જ્ઞાન દેખાય છે તે મારું મૂળ અસ્તિત્વ નથી, ફરે છે એ તો પર્યાય છે. અનંતતાથી ભરેલો, અનંત જ્ઞાયકતાથી રચાયેલો, અનંત—અનંત અગાધ શક્તિઓથી ભરેલું જે જ્ઞાયકતાનું અસ્તિત્વ છે તે હું છું. એમ ગ્રહણ થવું જોઈએ.

અનંતતા તેને દેખાતી નથી, પણ તેને એટલી મહિમા અંતરમાં આવી જાય છે કે અગાધ શક્તિઓથી ભરેલું એવું મારું અસ્તિત્વ છે. મારું અસ્તિત્વ ખાલી નથી, પણ અનંત શક્તિઓથી ભરેલી એવી મારી જ્ઞાયકતા છે. એવી મહિમાપૂર્વક અંતરમાં જ્ઞાયકતા ગ્રહણ થવી જોઈએ.

**પ્રશ્ન :—** *પ્રથમ ગ્રહણ તો જ્ઞાની પુરુષનાં વચનો દ્વારા કરવું પડે ને?*

**સમાધાન :—**જ્ઞાનીનાં વચનો તેમાં નિમિત્ત હોય છે. અનાદિકાળથી પોતે જાણ્યું નથી. એમાં પહેલાં દેવ કે ગુરુનાં વચનો કાને પડે છે, તે પછી પોતાની અંતરની તૈયારી થાય

સુપ્રભાતં સુનક્ષત્રં સુકલ્યાણં સુમંગલં,
ત્રૈલોક્યહિતકર્તૃણાં જિનાનામેવ શાસનં. ૧૬

સુપ્રભાતસ્તોત્ર સમાપ્ત

છે ને તેને ચૈતન્યના કોઈ અપૂર્વ સંસ્કાર તથા દેશનાલબ્ધિ પ્રગટે છે. જ્ઞાનીનાં વચન નિમિત્ત ખરાં, પણ અંતરથી તૈયારી પોતાને કરવાની રહે છે, પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે.

**પ્રશ્ન** :—*ભાવમાં એમ આવે છે કે હે ગુરુદેવ! અમે કાંઈ જાણતા નહોતા, આપે જ માર્ગ બતાવ્યો અને બીજી બાજુ એમ આવે છે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી, તો શું સમજવું?*

**સમાધાન** :—ગુરુદેવે કરી દીધું તેમ કહેવાય, પણ કરવું પોતાને પડે છે. અનંતકાળમાં પોતે પોતાના દોષથી રખડ્યો છે, ભગવાનને કે ગુરુને ઓળખ્યા નથી, મળ્યા તો પણ ઓળખ્યા નહિ. આ પંચમકાળમાં ગુરુ મળ્યા, તેમની વાણી મળી. તેને પોતે ગ્રહણ કરીને પુરુષાર્થ કરે તો જાગે છે. ગુરુદેવની વાણી તો બધાને માટે પ્રબળ નિમિત્ત છે, પણ તૈયારી પોતાને કરવાની રહે છે. ગુરુદેવનો તો ઉપકાર અમાપ છે, પણ પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે. ગુરુદેવ પણ એમ જ કહેતા કે તું કર તો થશે. પોતાની સ્વાધીનતાથી થાય છે. તારું દ્રવ્ય સ્વતંત્ર છે, બધાં દ્રવ્ય સ્વતંત્ર છે. તું તારો પુરુષાર્થ કર, પણ પુરુષાર્થ કરનાર ગુરુનો ઉપકાર માન્યા વગર રહે નહિ. કરનારને ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી.

**પ્રશ્ન** :—*કરે પોતે, છતાંય ઉપકાર માનવો?*

**સમાધાન** :—પોતે કરે છતાં કહે કે હે ગુરુદેવ ! તમે કરી દીધું. આચાર્ય પણ શાસ્ત્રમાં એમ જ કહે છે કે પરમ ગુરુના અનુગ્રહથી અમારો નિજ વૈભવ પ્રગટ્યો છે. કુંદકુંદાચાર્ય માટે દેવસેન આચાર્ય જેવા કહે છે કે આપ વાણી ન લાવ્યા હોત તો અમારા જેવા પામરનું શું થાત! તેમ આવા ગુરુ આ પંચમકાળે પધાર્યા તો બધાને ઉપકાર થયો. નહિતર શું થાત? ગુરુદેવ પધાર્યા તો માર્ગ બધાને ચોખ્ખો કરીને બતાવ્યો.

**પ્રશ્ન** :—*જ્ઞાનીની ભક્તિ કેવી રીતે પ્રગટ થાય?*

**સમાધાન** :—માત્ર બહારથી ભક્તિ કરવી એમ નહીં પણ પોતાને અંદરથી મહિમા આવે તે જ્ઞાની પ્રત્યેની ભક્તિ છે. અંતરમાં બહુમાન આવવું જોઈએ. જ્ઞાનીના વચનો ઉપર બધી રીતે બહુમાન આવવું જોઈએ. અર્પણતા એવી આવી જાય કે ગુરુદેવ કહે છે તે બરાબર છે. તેમણે જે માર્ગ કહ્યો છે તે બરાબર છે. તેમ પોતાથી નક્કી કરીને બહુમાન આવવું જોઈએ. પોતે વિચાર કરીને નક્કી કરે કે આ સત્પુરુષ છે તે અપૂર્વ માર્ગ બતાવી રહ્યા છે. પછી, તે કહે તે બરાબર છે તેમ પોતાને અંતરમાંથી તે પ્રકારે બહુમાન-ભક્તિ આવે છે.

## બાળ વિભાગ

# દૃઢ નિશ્ચયી રાજા જય

રાજા શ્રેયાંસના ભાઈ રાજા સોમના પુત્ર રાજા જયકુમારની કથા જગપ્રસિદ્ધ છે, પ્રાચીનકાળમાં રાજાઓ ઘણી રાણીઓ રાખતા હતા, તેથી રાજા જયકુમારને પણ અનેક રાજકુમારીઓ સાથે લગ્નના પ્રસ્તાવ આવ્યા, પરંતુ તેમણે એક પત્નીવ્રતની પ્રતિજ્ઞા લીધી હતી, જેનું તેઓ દઢતાપૂર્વક પાલન કરતા હતા, જે તે સમયે સંસારમાં એક ઉત્કૃષ્ટ ઉદાહરણ બની ગયું હતું.

રાજા જયકુમારની સુલોચના નામની એક સદ્‌ગુણી પત્ની હતી. સ્ત્રી સંબંધી પરિગ્રહ પરિમાણમાં તેમને એક માત્ર રાણી સુલોચના સિવાય અન્ય સર્વ સ્ત્રીનો ત્યાગ હતો.

એક વાર ઈન્દ્રસભામાં તેમના વ્રતની પ્રશંસા થઈ, તે સાંભળીને એક દેવ તેમની પ્રતિજ્ઞા કરવા આવ્યો. જે સમયે તેઓ કૈલાસ પર્વતની યાત્રામાં હતા, તે સમયે દેવે વિદ્યાધરીનું ઉત્તમ રૂપ બનાવી જયકુમાર સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, તેણે કામભાવ પ્રદર્શિત કરી પોતાની સાથે ક્રીડા કરવાનો પ્રસ્તાવ કર્યો.

પણ જયકુમાર જેનું નામ, તે વિષયોથી પરાજિત કેમ થઈ શકે ? તેઓ જરા પણ લલચાયા નહીં, તેમણે તે વિદ્યાધરીને વિરક્તભાવથી ઉપદેશ આપી સમજાવી કે “હે માતા ! આ તમને શોભા દેતું નથી. મારે એક પત્નીવ્રત છે, માટે સુલોચના સિવાય અન્ય સ્ત્રીનો મારે ત્યાગ છે. હે દેવી ! તમે પણ વિષય-વાસનાના આ દુષ્ટ પરિણામને છોડી અને શીલવતી થઈને પર-પુરુષની સાથે રમણ કરવાની ઈચ્છાનો ત્યાગ કરો.”

આમ કહીને જયકુમાર તો હૃદયમાં તીર્થંકર ભગવંતોનું સ્મરણ કરીને ધ્યાનસ્થ થઈ ગયા, દેવીએ ઘણી ચેષ્ટાઓ કરી તોપણ જયકુમાર ચલિત ન થયા.

વ્રતમાં તેમની દઢતા જોઈને અંતમાં દેવ પ્રસન્ન થયો અને પ્રગટ થઈને સ્તુતિ કરી તેમનું સન્માન કર્યું. થોડા સમય પછી જયકુમાર સંસારથી વિરક્ત થઈ અને રાજપાટ છોડીને મુનિદીક્ષા અંગીકાર કરીને આત્મધ્યાનપૂર્વક કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાં ગયા.

જે બુદ્ધિમાન અર્થાત્ સમ્યગ્દષ્ટિ શ્રાવક લોભ કષાયને દૂર કરીને સંતોષપૂર્વક પરિગ્રહની મર્યાદાનો નિયમ કરે છે, તેને પાંચમું પરિગ્રહ-પરિમાણ વ્રત હોય છે. ગૃહસ્થોએ પાપના આરંભને ઘટાડવા માટે પરિગ્રહપરિમાણ વ્રત ધારણ કરવું જોઈએ. ખેતી, ઘર, ધન, સ્ત્રી, વસ્ત્રાદિ બધા મમત્વની વૃદ્ધિ કરવાવાળા છે તથા તેમાં અનેક ત્રસ-સ્થાવર જીવોની હિંસા

થાય છે, માટે હે ભવ્ય ! પરિગ્રહની મમતા ઘટાડી તેની મર્યાદાનો નિયમ કરવો જોઈએ. આ વ્રત સંતોષરૂપી ધનને વધારવાવાળું છે અને અહિંસા પાલનમાં હેતુભૂત છે.

લોભમાં આકુળતા છે અને સંતોષમાં સુખ છે. સંતોષી જીવ ત્રણ કાળમાં ક્યાંય પણ હોય તેને બધે જ સુખની પ્રાપ્તિ થાય છે. જે પ્રમાણે માગવાવાળાને વધારે ધન મળતું નથી, ભિખારીને તો શું મળે ? તે પ્રમાણે લોભથી વધારે ધનની ઈચ્છા કરવાવાળા લોભીને તો તેની પ્રાપ્તિ થતી નથી અને નિસ્પૃહ જીવોને તો વગર માગ્યે ધનનો ઢગલો મળી જાય છે.

સંતોષીને ધનાદિ પુણ્યના યોગથી પોતાની મેળે મળી જાય છે, કારણ કે લક્ષ્મી પુણ્યના ઉદય અનુસાર આવે છે-જાય છે, માટે હે જીવ ! તું લોભ-તૃષ્ણાને છોડીને સંતોષરૂપી અમૃતનું પાન કર. શક્તિ અનુસાર દાન દેવાયોગ્ય પદાર્થનું દાન કર અને ત્યાગ કરવાયોગ્ય વસ્તુનો ત્યાગ કર. લક્ષ્મી પુણ્યથી આવે છે પુણ્ય વગર ઈચ્છા કરવાથી આવતી નથી.

જેણે ચૈતન્યની નિજ સંપદાને જાણીને બહારની સંપદાનો મોહ છોડ્યો છે—એવા ધર્માત્માને જ લોકમાં તીર્થંકર, ચક્રવર્તી, ઈન્દ્ર આદિ પદોની વિભૂતિ મળે છે.

જે બુદ્ધિમાન શ્રાવક પરિગ્રહને એકદેશ છોડીને પરિમાણ કરે છે, જાણે કે તેની પરીક્ષા લેવા માટે ઘણી લક્ષ્મી તેની પાસે આવે છે પણ જેમ સૂર્યથી શીતળતા મળતી નથી તે જ પ્રકારે મમતારૂપ પરિગ્રહભાવથી જીવને ક્યારેય પણ શાંતિ મળતી નથી.

જે પ્રમાણે પશુ નગ્ન રહેવા છતાં પણ મમત્વરૂપ પરિગ્રહના ત્યાગ વગર શાંતિ અથવા પુણ્ય મળતું નથી, તે જ પ્રકારે પરિગ્રહની મર્યાદાનો કોઈ નિયમ નથી—એવા ધર્મરહિત જીવોને શાંતિ અથવા પુણ્ય મળતું નથી. પરિગ્રહની તીવ્ર મૂર્ચ્છાથી તે પાપ બાંધીને દુર્ગતિમાં રખડે છે. ધર્મના બગીચાને ખાઈ જવાવાળો વિષયરૂપી હાથી નિયમરૂપ અંકુશથી વશમાં રહે છે. માટે હે જીવ ! તમે સંતોષની પ્રાપ્તિ માટે પરિગ્રહ-પરિમાણવ્રતનો નિયમ કરો.

પરિગ્રહના લોભવશ જીવ ન્યાય-માર્ગ છોડીને અનેક પાપ કરે છે, દયારહિત થઈને જૂઠું બોલે છે, ચોરી કરે છે, આર્તધ્યાન કરે છે. તીવ્ર લોભી મનુષ્યને દેવ-ગુરુ-ધર્મનો અને પુણ્ય-પાપનો પણ વિવેક રહેતો નથી, તે ગુણ-અવગુણને ઓળખતો નથી. લોભને વશ તે ગુણીજનોનો અનાદર અને દુર્ગુણીજનોનો આદર કરે છે, દેશ-પરદેશ ફરે છે, માયા-કપટ કરે છે. લોભી પુરુષની આશા સંપૂર્ણ સંસારમાં એવી ફેલાઈ જાય છે કે જો આખા જગતનું સંપૂર્ણ ધન તેને મળી જાય, તોપણ તેનો લોભ શાંત થતો નથી. જે જીવને વિષયોમાં સુખબુદ્ધિ છૂટીને ચૈતન્યસુખનો સ્વાદ આવ્યો હોય, વાસ્તવમાં તે જીવને પરિગ્રહનો લોભ છૂટી જાય છે.

અરે, ધનની પ્રાપ્તિ અનેક દુઃખોને જન્મ આપે છે, મેળવેલ ધનની રક્ષા કરવામાં દુઃખ થાય છે અને ધન ચાલ્યું જાય ત્યારે પણ દુઃખી થાય છે. સમસ્ત પર પદાર્થોની સ્થિતિ પણ

આ પ્રકારની છે. માટે હંમેશા દુઃખના કારણભૂત એવા ધન આદિ પરપદાર્થોની મમતાને ધિક્કાર છે. હે જીવ ! તું ધનના લોભને ઘટાડવા માટે ધર્મ-પ્રભાવના હેતુ દાન કર.. આ જ ઉત્તમ માર્ગ છે. દાન વગર ગૃહસ્થપણું તો પરિગ્રહના ભારથી દુઃખને દેવાવાળું છે. લોભ તો પાપને વધારવાવાળું હોવાથી નિંદ્ય છે અને દાનાદિ શુભકાર્ય શ્રાવકને માટે પ્રશંસનીય છે.

હે ભવ્ય ! તું સમ્યક્ત્વ પછી વ્રતને પણ ધારણ કર. જ્યાં સુધી સર્વસંગ ત્યાગી મુનિપણું ન થઈ શકે, ત્યાં સુધી એકદેશ ત્યાગરૂપ વ્રત તો અવશ્ય ધારણ કર.

## વૈરાગ્ય સમાચાર :–

* ઘાટકોપર-મુંબઈ નિવાસી શ્રીમતી ઉષાબેન કનુભાઈ ખાટડિયાનું તા. ૨૮-૮-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* મુંબઈ નિવાસી શ્રી પંકજભાઈ મુકુંદરાય ખારા (-તેઓ દેવલાલીના ટ્રસ્ટી સ્વ. મુકુંદભાઈ ખારાના સુપુત્ર)નું તા. ૨૯-૮-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* આત્માર્થી હર્ષદભાઈ ગોસલીયા ગોવાવાળા પરિવારના પુત્ર હિરેનભાઈના ધર્મપત્ની નેહાબેનનું તા. ૩૧-૮-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* પોરબંદર નિવાસી (હાલ-અંધેરી) શ્રી જયંતભાઈ પી. બ્રોકર (ઉ.વ. ૭૭) તા. ૩-૯-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓ અધ્યાત્મરસિક હતા અને પાર્લા મંદિરના સ્થાપક પ્રમુખ હતા. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનું નિયમિત સ્વાધ્યાય કરતા હતા
* જામનગર નિવાસી શ્રી ધીરુભાઈ તંબોળીના બહેન સુશીલાબેન એમ. શાહ (ઉ.વ. ૭૯)નું તા. ૩-૯-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. પૂરી શુદ્ધિપૂર્વક આત્મારાધના કરતા દેહત્યાગ કર્યો હતો.
* બોરીવલી નિવાસી શ્રીમતી ભાવના ભરત જૈન (-તેઓ સ્વ. લક્ષ્મીબેન ચંપકલાલ (સર) જૈન)ના પુત્રવધૂનું તા. ૧૫-૯-૨૦૨૪ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* સુશીલાબેન વિનોદરાય દોશી (ઉ.વ. ૯૧)નું તા. ૧૧-૧૦-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ખંડવા નિવાસી બ્ર. વીણાબેન જૈન (ઉ.વ. ૮૨)નું સોનગઢ મુકામે દેહ પરિર્તન થયેલ છે. તેઓએ બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા પછી આજીવન બ્રહ્મચર્યાશ્રમ સોનગઢમાં નિવાસ કરી ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનો પ્રત્યક્ષ તેમજ તેમની વાણીનો નિયમિત લાભ લીધો હતો.
* થાનગઢ નિવાસી (હાલ મુંબઈ) રમીલાબેન ધીરજલાલ દોશીનું તા. ૧૭-૯-૨૦૨૪ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

મારું આયુષ્ય ઘણું લાંબું છે, હાથ-પગ વગેરે બધાં અવયવો ખૂબ મજબૂત છે, આ લક્ષ્મી પણ મારા વશમાં છે તો પછી હું નકામો વ્યાકુળ શા માટે થાઉં ? ઉત્તરકાળમાં જ્યારે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થશે ત્યારે હું નિશ્ચિંત થઈને ખૂબ ધર્મ કરીશ. ખેદની વાત છે કે આ જાતનો વિચાર કરતા કરતા આ મૂર્ખ પ્રાણી કાળનો કોળિયો બની જાય છે. *(શ્રી પદ્મનંદી પંચવિંશતિ, અધિ-૧, શ્લોક ૧૭૦)*

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૬૫ : રાગ-દ્વેષ આત્માના છે કે જડના છે ?

ઉત્તર : રાગ-દ્વેષભાવ આત્માની પર્યાયમાં થાય છે તે અપેક્ષાએ તો તે આત્માના છે, પરંતુ રાગ-દ્વેષભાવ તે શુદ્ધ આત્માનું સ્વરૂપ નથી—તેથી આત્માનું શુદ્ધસ્વરૂપ બતાવવા માટે તેને જડના પણ કહેવાય છે.

પ્રશ્ન-૬૬ : ઈન્દ્રિય સિવાય જીવ હોઈ શકે કે નહિ ?

ઉત્તર : હા, સિદ્ધદશામાં અનંત જીવો છે તેઓને ઈન્દ્રિય કે શરીર નથી, તેમજ જીવ જ્યારે એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન (વિગ્રહ ગતિ) કરે છે ત્યારે પણ તેને ઈન્દ્રિય કે સ્થૂળ શરીર હોતાં નથી, અને ખરી રીતે તો બધા જ જીવો ઈન્દ્રિય અને શરીર વગરના જ છે, ઈન્દ્રિય અને શરીર તો જડ છે, જ્ઞાનસ્વરૂપ આત્મા તેનાથી જુદો જ છે. વ્યવહારથી જીવને ઓળખવા માટે એકેન્દ્રિય વગેરે નામ આપ્યાં છે, તે એમ સૂચવે છે કે તે જીવને જ્ઞાનમાં તે પ્રકારનો ઉઘાડ છે.

પ્રશ્ન-૬૭ : જડ અને પુદ્‌ગલમાં શું ફેર છે ?

ઉત્તર : જડનું લક્ષણ અચેતનપણું છે તેથી 'જડ' કહેતાં તેમાં જીવ સિવાયના પાંચે દ્રવ્યોનો સમાવેશ થઈ જાય છે અને પુદ્‌ગલનું લક્ષણ રૂપીપણું છે તેથી પુદ્‌ગલ કહેતાં એકલું પુદ્‌ગલ દ્રવ્ય લક્ષમાં આવે છે, જડ તો રૂપી પણ હોય અને અરૂપી પણ હોય, પરંતુ પુદ્‌ગલ તો રૂપી જ હોય છે.

પ્રશ્ન-૬૮ : સત્‌દેવનું ટૂંકામાં ટૂંકું સ્વરૂપ શું ?

ઉત્તર : સર્વજ્ઞતા, જ્યાં સર્વજ્ઞતા હોય ત્યાં વીતરાગતા હોય જ.

પ્રશ્ન-૬૯ : 'અર્હંતદેવ' અને 'સ્વર્ગના દેવ' એ બે દેવોમાં શું ફેર છે ?

ઉત્તર : અર્હંતદેવ પૂજનીક છે. તેઓ પૂર્ણજ્ઞાની છે, વિકાર રહિત છે, જીવનમુક્ત છે, ભવરહિત છે, પણ સ્વર્ગના દેવ તો અપૂર્ણજ્ઞાનવાળા છે, વિકાર સહિત છે, સંસારી છે. ભવસહિત છે, અર્હંતપ્રભુને દેવપણું ગુણના કારણે છે તેથી પૂજનીક છે અને સ્વર્ગનું દેવપણું તે તો પુણ્યનું ફળ છે. તેથી તે દેવપદ પૂજનીક નથી સ્વર્ગના દેવોમાં જોકે કેટલાક સમ્યગ્દષ્ટિ પણ છે પરંતુ પંચપરમેષ્ઠીરૂપ દેવપણું સ્વર્ગમાં હોતું નથી.

પ્રશ્ન-૭૦ : કુદેવ, કુગુરુની ભક્તિ કરવાથી જીવને શું લાભ થાય ?

ઉત્તર : કુદેવ-કુગુરુની ભક્તિ કરવાથી જીવને કાંઈ જ લાભ ન થાય, ઉલટું મિથ્યાત્વના પોષણથી સંસારભ્રમણ થાય, ને જીવના ગુણ હણાય.

પ્રશ્ન-૭૧ : અગૃહીત મિથ્યાત્વનું ફળ શું ? અને ગૃહીત મિથ્યાત્વનું ફળ શું ?

ઉત્તર : બંનેનું ફળ સંસાર જ છે, અગૃહીત મિથ્યાત્વ અનાદિથી ચાલ્યું આવે છે, ગૃહીત મિથ્યાત્વ નવું ગ્રહણ કરેલું છે અને તે ગૃહીત મિથ્યાત્વ અગૃહીત મિથ્યાત્વને પોષણ આપે છે.

# (૧33) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો બાલપોથીમાંથી મળશે.)

**( A )**

(૧) નમન કરવા યોગ્ય ............. છે.
(૨) દેવ ............ અને ............... છે.
(૩) મુક્તિનો માર્ગ .............. બતાવે છે.
(૪) અરિહંત જેવો ................. છે.
(૫) હું ............. સ્વભાવી ............. છું.
(૬) હું મારા ........... થી .............. છું
(૭) શરીર ............... છે.

**( B )**

## સાચા જોડકા બનાવો

| | |
|---|---|
| (૧) જીવ દ્રવ્ય | (૧) અવગાહન હેતુત્વ |
| (૨) પુદ્‌ગલ દ્રવ્ય | (૨) સ્થિતિ હેતુત્વ |
| (૩) ધર્મ દ્રવ્ય | (૩) પરિણમન હેતુત્વ |
| (૪) અધર્મ દ્રવ્ય | (૪) જ્ઞાન-દર્શનરૂપ |
| (૫) આકાશ દ્રવ્ય | (૫) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ—રૂપી |
| (૬) કાળ દ્રવ્ય | (૬) ગતિ હેતુત્વ |
| (૭) જીવ તત્ત્વ | (૭) મોહ, રાગ, દ્વેષરૂપ ભાવ |
| (૮) અજીવ તત્ત્વ | (૮) શુભાશુભભાવમાં અટકવું |
| (૯) આસ્રવ તત્ત્વ | (૯) જ્ઞાયક—ચેતનપણું |
| (૧૦) બંધ તત્ત્વ | (૧૦) જડ—અચેતન |
| (૧૧) સંવર તત્ત્વ | (૧૧) શુદ્ધિની પૂર્ણતા |
| (૧૨) નિર્જરા તત્ત્વ | (૧૨) શુદ્ધિની ઉત્પત્તિ |
| (૧૩) મોક્ષ તત્ત્વ | (૧૩) શુદ્ધિની વૃદ્ધિ |

**ઉત્તર-A**

(૧) પંચ પરમેષ્ઠી (૫) જ્ઞાન આત્મા
(૨) અરિહંત સિદ્ધ (૬) જ્ઞાન જાણું
(૩) અરિહંત (૭) અજીવ
(૪) શુદ્ધાત્મા

**ઉત્તર-B**

| | | | |
|---|---|---|---|
| ૧—૪ | ૫—૧ | ૮—૧૦ | ૧૧—૧૨ |
| ૨—૫ | ૬—૩ | ૯—૭ | ૧૨—૧૩ |
| ૩—૬ | ૭—૯ | ૧૦—૮ | ૧૩—૧૧ |
| ૪—૨ | | | |

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

આ વર્ષે પર્યુષણ મહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારભીની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે પરમાગમમંદિર તથા પ્રવચન અને પ્રતિક્રમણના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે બહારગામથી ઘણા મહાનુભાવો આવ્યા હતા.

**✻ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ : વિજયાદશમી ✻**

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહૂતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૧૩-૧૦-૨૦૨૪, રવિવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ મહાવીર નિર્વાણ પંચાહ્નિક-મહોત્સવ** :—પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ બારસ ૨૮-૧૦-૨૦૨૪, સોમવાર થી આસો વદ ૩૦, શુક્રવાર, તા. ૧-૧૧-૨૦૨૪ પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાન પૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ સુપ્રભાત દિન** :—કારતક સુદ એકમ—નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૨-૧૧-૨૦૨૪, શનિવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ કાર્તિક-નંદીશ્વર-અષ્ટાહ્નિકા ✻**

કારતક સુદ ૭, શુક્રવાર, તા. ૮-૧૧-૨૦૨૪ થી કારતક સુદ ૧૫, શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૨૪—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

---

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ........................................................................................ જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/ સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ........................ દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ................................................................

સરનામું : ............................................

............................................

.............................................

સંપર્ક નં. : ................................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● નિમિત્તથી ભિન્ન ને રાગથી અધિક (ભિન્ન)—એવા પોતાના ચૈતન્ય સ્વભાવનું ભાન થવા ઉપરાંત તેના અનુભવનું વેદન વધી ગયું છે, ત્યાં પરિગ્રહની મમતા છૂટી ગઈ છે. આવી દશાવાળાને શ્રાવકની પ્રતિમા હોય છે. ૬૫૬.

● ઉપવાસનો આવો અર્થ છે કે—ઈન્દ્રિય તથા મન, વિષયોમાં પ્રવૃત્તિ રહિત થઈને આત્મામાં રહે તે ઉપવાસ છે. આ લોક પરલોક સંબંધી વિષયોની વાંચ્છા ન કરવી તે ઈન્દ્રિય જય છે તથા આત્મસ્વરૂપમાં લીન રહેવું, તેવા શાસ્ત્રના અભ્યાસ-સ્વાધ્યાયમાં મન લગાવવું એ ઉપવાસમાં પ્રધાન છે. વળી જેમ ક્લેશ ન ઊપજે એવી રીતે ક્રિયા માત્રપણે એક દિવસની મર્યાદારૂપ આહારનો ત્યાગ કરવો એ પ્રમાણે ઉપવાસ નામનું અનશન તપ થાય છે. ૬૫૭.

● જેને તત્ત્વજ્ઞાન નથી તેનું આચરણ પણ યથાર્થ હોતું નથી. જૈનમતમાં તો એવો ક્રમ છે કે પહેલાં તત્ત્વજ્ઞાની થાય અને પછી જેનો ત્યાગ કરવો છે એના દોષને ઓળખે અને દોષનો નાશ થવાથી જે ગુણ પ્રગટે છે તેને પણ બરાબર જાણે. ૬૫૮.

● પ્રશ્ન : બહારમાં તો ચમત્કાર બતાવે છે. તો અહીં કાંઈ ચમત્કાર છે?

ઉત્તર : હા, આ આત્મા પોતે એવો ચૈતન્યચમત્કાર છે કે તેની પ્રતીત કરીને તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટી જાય, જુઓ આ ચૈતન્યનો ચમત્કાર. સર્વજ્ઞ સિવાય બીજા કોઈ ઠેકાણે આવો ચમત્કાર હોય તો બતાવો! વળી એકેક આત્મા અસંખ્ય પ્રદેશી—એ વાત પણ બીજે ક્યાંય હોય તો બતાવો? ૬૫૯

● જ્ઞાનનું વીર્ય જ્ઞાનમાં કામ કરી જ્ઞાનમાં રમે તે મારું સ્વરૂપ છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે. તેને છોડી રાગાદિમાં રોકાય તો તે બંધનું લક્ષણ છે. ૬૬૦.


● જે જીવ પ્રસન્નચિત્તથી-ઉલ્લાસથી-સ્વલક્ષ કરીને, પુણ્ય-પાપનો ઉલ્લાસ છોડીને, દયા-દાનના વિકાર રહિત ને શરીર, મન, વાણીથી રહિત આત્માની વાત સાંભળે છે, તે ધન્ય છે. ૬૬૧.

● સમયસાર ગાથા ૪માં શ્રુત શબ્દ મૂક્યો છે તેનો હેતુ એ છે કે પોતાની મેળે વાંચી જાય તો કામ ન આવે, જ્ઞાની પાસેથી વાત સાંભળી હોવી જોઈએ. છતાં ત્યાં પરાધીનતા નથી. જેની લાયકાત હોય તેને જ્ઞાની મળ્યા વિના રહે નહિ. સત્‌ને સત્‌નું નિમિત્ત જોઈએ. અજ્ઞાની જીવ ધર્મમાં નિમિત્ત થઈ શકે નહિ. ૬૬૨.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૨૪
અંક-૨ ● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-10-2024
Posted on 1-10-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org